॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ફેબ્રુઆરી ૨૦૧૬
રૂા. ૫/૦૦

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ






**શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોમાં સત્સંગ સ્થાપના સુવર્ણ જયંતી મહોત્સવ ધામધૂમથી હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાઈ ગયો.**







॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥ ७

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણાર્વિંદ




## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઇઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૨ કુલ્લ અંક ૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૬ અંક - ૧ - ફેબ્રુઆરી – ૨૦૧૬
સળંગ અંક - ૩૬૦

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપર નીચલોવાસમાં નૂતન મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો























# તંત્રીની કલમે

પ્રગતિના કારણે પ્રસન્નતા અનુભવાય તે સ્વાભાવિક માનવીય વૃત્તિ છે. પરંતુ પ્રગતિના કારણે પ્રાપ્ત થતી પ્રસિધ્ધિ અને પ્રશંસા પચાવવા બહુ કઠિન છે કારણ કે આ બાબતને ગૌરવ કરતાં ગર્વની બાબત સમજનારા લોકો ઘણા છે. ગર્વ, અભિમાન અને અહંકાર આ ત્રણેય શબ્દો એક સમાન લાગે છે પરંતુ આ ત્રણેયના પ્રકાર અલગ છે. તેમજ તેમનાં પરિણામ પણ ભિન્ન છે. આ ત્રણેય માનવ મનમાં ઉદ્ભવે છે અને તેનાં ઉદ્ભવનું કારણ પ્રેમ છે, સ્વયંથી - પોતાની જાતથી પ્રેમ. પોતાની જાત પ્રત્યેનો પ્રેમ શ્રેષ્ઠ હોવાનો ભાવ જાગૃત કરે છે. પરિશ્રમ આપણા મનમાં ગર્વને જન્મ આપે છે અને સફળતા અભિમાનને જગાડે છે. અહીં સુધી તો ઠીક છે પરંતુ જ્યારે આ ભાવના મદમસ્ત થઈને અહંકાર બની જાય છે ત્યારે સમસ્યા બની જાય છે. કારણ કે પુરાણો, શાસ્ત્રો અને ઈતિહાસ સાક્ષી છે કે સૌથી ખરાબ અંત અહંકારીનો જ આવે છે. પરંતુ મનુષ્યની મૂંઝવણ એ છે કે અહંકાર જાગી ગયો છે એની ખબર કેવી રીતે પડે ? ભીતર રહેલા અંહાકારને ઓળખવો કેવી રીતે ? જરા શાંત ચિત્તે પોતાનાં મનમાં ડોકિયું કરશો તો આ સમસ્યાનું સમાધાન શોધી શકાશે. એ વાત પણ સમજાશે કે અહંકાર વિનાશનું કારણ છે અને અહંકારનો નાશ થવો આવશ્યક છે. જ્યાં સુધી આપ સ્વયંથી પ્રસન્ન છો, જ્યાં સુધી આપ સૌથી શ્રેષ્ઠ થવાના પ્રયાસ કરો છો ત્યાં સુધી વાંધો નથી પરંતુ જ્યારે આપના મનમાં અન્ય લોકો તુચ્છ છે, હીન છે, તમારી સમક્ષ તેમની કોઈ ઔકાત નથી એવા ભાવ આવવા લાગે ત્યારે સાવધાન થઈ જવું, કારણ કે આ જ અહંકાર છે. જે વાસ્તવમાં અન્યને નહીં પરંતુ પોતાને જ તુચ્છ અને હીન બનાવી દઈ અધોગતિ તરફ દોરી જાય છે અને અંતે વિનાશ સર્જાય છે.

અહંકારી લોકો પ્રભુની પ્રસન્નતા ક્યારેય પ્રાપ્ત કરી શકે નહીં. આપણા ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીએ પાંચાળા પ્રકરણ ૫ ના વચનામૃતમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, 'ભગવાન અને ભગવાનના સંતની આગળ માનને મૂકીને દાસાનુદાસ થઈને વર્તવું રૂડું છે.' નિર્માનીપણાના ભાવ સાથેની ભક્તિથી જ ઈશ્વરનું સામિપ્ય પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યારે માન ગુમાનમાં પરિવર્તિત થઈ જાય છે ત્યારે ભક્તિમાં શિથિલતા આવે છે, દ્રઢતા ઓછી થતી જાય છે અને ભક્ત ભગવાનથી વિમુખ થતો જાય છે. પરિણામે પોતે જ સર્વશ્રેષ્ઠ છે એવો ભાવ જાગે છે, જે અનેક અપેક્ષાઓને જન્મ આપે છે. જ્યારે અપેક્ષાઓની પૂર્તિ થતી નથી ત્યારે સંતાપનો તાપ સહન કરવો પડે છે. તેથી અકળામણ અનુભવાય છે. અકળામણ ક્રોધને જન્મ આપે છે અને ક્રોધથી ક્યાં કોઈનું ભલું થયું છે ?

જીવનમાં સુખી થવું હોય અને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવી હોય તો શ્રીસહજાનંદ સ્વામીના ઉપદેશને અનુસરીએ અને નિર્માની બનીએ. નિર્માનીપણું સંતોષ આપશે. સંતોષ જીવનને પ્રફુલ્લિત બનાવશે. મન પ્રફુલ્લિત હશે તો સદ્વિચારો ઉદ્ભવશે અને સદ્વિચારો શ્રીજી મહારાજની સમીપ લઈ જશે. ટૂંકમાં અહં અને ઈશ્વર ક્યારેય પણ સાથે રહી શકે નહીં. એક સંત કવિએ સાચું જ કહ્યું છે કે -

'જબ મૈં થા તો હરિ નાહીં, જબ હરિ હૈં તો મૈં નાહીં.
એક મ્યાનમેં દો ખડક દેખા સુના ન કાની.' અર્થાત્

હૃદયમાં જો 'મૈં' (ઘમંડ) હોય તો ત્યાં હરિનો વાસ હોતો નથી. જ્યારે હૃદયમાં હરિ હોય ત્યાં 'મૈં' (ઘમંડ)નું કોઈ સ્થાન નથી. જેવી રીતે એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેવી રીતે હૃદયમાં મૈં અને હરિ પણ સાથે ન રહી શકે. હૃદયમાં અભિમાન અને ઈશ્વર સાથે રહી શકતા નથી.

આ માસમાં શિક્ષાપત્રી જયંતી છે. શિક્ષાપત્રીની રચના વસંતપંચમીના રોજ સ્વયં ભગવાન શ્રીસહજાનંદ સ્વામીએ મુમુક્ષુઓના કલ્યાણાર્થે કરી છે. વસંતઋતુમાં સોળે શણગાર સજીને પ્રાકૃતિક સૌંદર્ય ખીલી ઉઠે છે તેવી જ રીતે શિક્ષાપત્રીમાં અપાયેલ આદેશોને અનુસરનારનું જીવન પણ વસંતુઋતુની જેમ જ પ્રફુલ્લિત થઈ ખીલી ઊઠે છે. તેમજ તેનાં જીવનમાં સુખ, શાંતિ, સદ્વિચારો, સદાચાર, સમૃધ્ધિ અને સત્સંગના ક્યારેય પણ કરમાય નહીં તેવા પુષ્પો ખીલી ઊઠે છે. માટે નિર્માની બની ભક્તિ કરીએ અને શિક્ષાપત્રીની આજ્ઞાઓનું ચૂસ્ત રીતે પાલન કરીએ તો જીવન સદાબહાર અને સાર્થક બની જશે.

જય શ્રીસ્વામિનારાયણ !

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર મધ્યે ભવ્ય શાકોત્સવ ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉજવાતા વિવિધ ઉત્સવો પૈકી શાકોત્સવનો વિશેષ મહિમા ધરાવતો ઉત્સવ છે. લોયા મુકામે શ્રીસ્વામિનારાયણ ભગવાને હરિભક્તોની સાથે મળી પ્રથમ શાકોત્સવ ભાવાપૂર્વક કર્યો. સ્વયં પોતે શાકનો વઘાર કરી અને હરિભક્તોને પ્રસાદ પણ પોતાના કરકમલો દ્વારા આપ્યો. આવા અલૌકિક અવસરની અનુભૂતિઅર્થે તેમજ ભગવાને કરેલ આ શાકોત્સવની સ્મૃતિ શાશ્વત રહે તે માટે સંપ્રદાયમાં દરેક સ્થાનોએ આ ઉત્સવ ઉમંગભેર અને ભક્તિભાવ સાથે કરવામાં આવે છે.

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની પ્રેરણાથી તથા આશીર્વાદથી ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર મધ્યે તા. ૮-૧-૨૦૧૬ શુક્રવારના રોજ શાકોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ દિવ્ય અવસરે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ સ્વયં ઉપસ્થિત રહી સૌને દર્શન તથા આશીર્વાદ આપ્યા હતા.

શાકોત્સવના મુખ્ય યજમાનપદે અ.નિ. ઝવેરીલાલ કરસનદાસ જોષી તથા ગં.સ્વ. કંચનબેન ઝવેરલાલ જોષી તથા સમસ્ત પરિવાર હસ્તે શીલાબેન ભરતભાઈ જોષી, અવનીબેન જેમીનભાઈ જોષી, પ્રિયંકાબેન વરૂણભાઈ જોષી, પૌત્રી સૌમ્યા તથા પૌત્ર મન - ગાંધીધામ, સહયજમાન પ.ભ. ડુંગરશીભાઈ ગોપાલભાઈ નીસર હસ્તે સુપુત્ર અમરશી ડુંગરશી નીસર આદિ પરિવાર - નવાગામ ભચાઉ હાલે મુંબઈ થાણા, પ.ભ. હંસરાજભાઈ કરસન ખુથીયા હ. રમેશભાઈ હંસરાજ ખુથીયા આદિ પરિવાર - નવાગામ ભચાઉ હાલે મુંબઈ વાસી, સાં.યો. શામબાઈ લાલજી ભુવા - કેરા, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, ભુજ તેમજ મહિલા મંડળ, ભુજ રહ્યા હતા.

ગામેગામથી વિશાળ સંખ્યામાં સત્સંગી હરિભક્તોએ પધારીને પ્રસાદનો લાભ લીધો હતો. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી પ્રભુવલ્લભદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વાામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતોએ ઉત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી સૌને માર્ગદર્શન આપ્યું હતું.

---

## તીર્થધામ ભુજ મંદિર મધ્યે સૌ પ્રથમ શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવની ઉજવણી કરાઈ

ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞા તથા આશીર્વાદથી તીર્થધામ શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ મધ્યે ગત તા. ૧૧-૧-૨૦૧૬ થી તા. ૧૫-૧-૨૦૧૬ સુધી સંપ્રદાયમાં સૌ પ્રથમ વખત શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કથા પારાયણના મુખ્ય યજમાનપદે માધાપરના સાં.યો. કુંવરબાઈ હીરાલાલ વાઘજીયાણી તથા અ.નિ. પિતાશ્રી હીરાલાલ મુળજી વાઘજીયાણી તથા અ.નિ. માતુશ્રી રાધાબાઈ હીરાલાલ વાઘજીયાણી તથા ભાઈ ખીમજીભાઈ તથા વિશ્રામભાઈ તથા કાનજીભાઈ તથા પ્રવિણભાઈ તથા બહેન રમીલાબેન વિશ્રામ, પટેલ વિશ્રામ ધનજી આદિ પરિવારજનો રહ્યા હતા.

મંદિરના શ્રીનરનારાયણદેવ સભામંડપમાં યોજાયેલ આ કથા પારાયણના વક્તાપદે શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ વ્યાસપીઠ પર બીરાજી સવાર તથા બપોર બન્ને સમય કથામૃતનું રસપાન કરાવ્યું હતું. ગવૈયા સ્વામી અક્ષરમુક્તદાસજી તથા સ્વામી શ્રીજીનંદનદાસજી, તબલાવાદક સ્વામી નિલકંઠસ્વરૂપદાસજીએ સુમધુર

કીર્તન-ધૂન દ્વારા સંગીતમય સાથ આપ્યો હતો. આ પ્રસંગે અમદાવાદ શ્રીનરનારાયણદેવ સાંનિધ્યથી પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી તથા ધામધામથી વિદ્વાન સંતો પધાર્યા હતા.

મહોત્સવ દરમ્યાન તા. ૧૧-૧-૨૦૧૬ના સવારે ૮:૦૦ કલાકે પોથીયાત્રા, તા. ૧૩-૧-૨૦૧૬ના બપોરે ૫:૦૦ કલાકે શ્રીઘનશ્યામ જન્મોત્સવ, તા. ૧૪-૧-૨૦૧૬ના બપોર પછી ઠાકોરજીની શોભાયાત્રા આદિ પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શોભાયાત્રામાં ગામેગામથી મંડળઓ જોડાઈ હતી. કચ્છના બધા જ ગામોના સાંખ્યયોગી બહેનો પણ આ પારાયણ પ્રસંગે પધાર્યા હતા.

આ પાવન પ્રસંગે મંદિરના બ્રહ્મનિષ્ઠ વડીલ સંતોએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર આયોજન ભુજ મંદિરના સંતો કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી પ્રભુવલ્લભદાસજી, સ્વામી જગજીવનદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતોએ સંભાળ્યું હતું. સભાસંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ કર્યું હતું.

---

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે ધનુર્માસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

ભુજ : મંદિરના મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞા તથા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે તા. ૧૭-૦૧-૨૦૧૫ થી તા. ૧૫-૧-૨૦૧૬ દરમ્યાન એક માસ સુધી શ્રી નરનારાયદેવના સાંનિધ્યમાં તેમજ મંદિરના બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં દર વર્ષની જેમ ધનુર્માસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. દરરોજ વહેલી સવારે કડકડતી ઠંડી હોવા છતાં ભુજ તેમજ ગામો-ગામથી વિશાળ સંખ્યામાં સત્સંગી હરિભક્તોએ પધારીને સુમધુર સંગીતના સથવારે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનની રમઝટ બોલાવી હતી. ધૂનોત્સવને કારણે દિવ્ય અને ભક્તિસભર માહોલનું નિર્માણ થવા પામેલ.

ધનુર્માસની ઉજવણી તેમજ દિવ્ય શાકોત્સવ પ્રસંગે તા. ૮-૧, શુક્રવારના રોજ પ.પૂ.ધ.ધૂ. આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે ઉપસ્થિત રહી દર્શન તેમજ આશીર્વચનનો લાભ સૌ હરિભક્તોને આપ્યો હતો. દરરોજ મહામંત્રની ધૂન બાદ હરિભક્તોને અડદિયા તેમજ જુદા-જુદા વિવિધ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉત્સવને સફળ બનાવવા માટે સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી પ્રભુવલ્લભદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી આદિ સંતોએ માર્ગદર્શન તથા વ્યવસ્થા સંભાળી હતી.

અહેવાલ :- કોઠારી સ્વામી

---

## માગશર સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. કિશનભાઈ હીરજી મુળજી પિંડોરીયા સહપરિવાર સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન -સુરજપર હાલે લંડન
- પ.ભ. મનજીભાઈ વિશ્રામ વરસાણી ધ.પ. કેશરબાઈ, સુત નારણ, ધનજી તથા કાંતિભાઈ સહપરિવાર સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન-બળદીયા હાલે સીડની
- પ.ભ. મુળજીભાઈ મનજી વેકરીયા - માંડવી પિયાવા
- પ.ભ. વાઘજીભાઈ વિશ્રામ હીરાણી - ફોટડી
- પ.ભ. રવજીભાઈ ધનજીભાઈ ભંડેરી. માવિત્રો તથા પરિવાર તરફથી - સામત્રા
- પ.ભ. માવજીભાઈ લાલજી હીરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી પ્રેરણાથી - માંડવી
- પ.ભ. શામબાઈ મનજી હીરાણી, મનજી કલ્યાણ હીરાણી મહંત વેલબાઈ ફઈની પ્રેરણાથી - સુખપર
- પ.ભ. હીરજીભાઈ કલ્યાણ કેરાઈ અ.નિ. મુળજી ધનજી હીરાણી - રામપર -વેકરા
- પ.ભ. રતનબેન વીરજી વેલાણી - સુખપર
- શ્રીહરિ સ્વામી પરમહંસદાસજી - ભુજ
- પ.ભ. અમૃતબેન લાલજી વરસાણી હ. સુનિલ લાલજી - સામત્રા (લંડન)
- પ.ભ. શીવજીભાઈ કુંવરજીભાઈ હાલાઈ ધ.પ.

તેજુબેન શીવજી હાલાઈ - ગોડપર હાલે નૈરોબી
- પ.ભ. નવીનભાઈ કરસન હીરાણી - મીરજાપર
- પ.ભ. ભાવેશભાઈ કરસન હીરાણી - મીરજાપર
- પ.ભ. પ્રેમજીભાઈ વાઘજીભાઈ કેરાઈ - ભક્તિનગર
- પ.ભ. વનિતાબેન સુનિલ મેપાણી લગ્ન પ્રસંગે હ. સાં.યો. કુંવરબાઈ હીરાલાલ - માધાપર
- પ.ભ. માહી તથા ખીરા હ. મનિષાબેન દિનેશ રાબડીયા - મસ્કા
- પ.ભ. વીરજીભાઈ વિશ્રામ પિંડોરીયા હ. ધનબાઈ - નારણપર ઉ.વા.
- પ.ભ. વિજયભાઈ મનજી પિંડોરીયા - ગોધરા માંડવી
- પ.ભ. કુંવરજીભાઈ મુળજીભાઈ કેરાઈ - ભારાસર
- પ.ભ. માવજીભાઈ અરજણ હાલાઈ - રામપર વેકરા
- પ.ભ. ત્રિદેવ હાર્ડવેર હ. વાલજીભાઈ દેવજી વેકરીયા - નારણપર યુગાન્ડા
- પ.ભ. લાલજીભાઈ શામજી પિંડોરીયા - માધાપર
- પ.ભ. કુ. મયુરીબેન પ્રેમજી હીરાણી હ. પ્રેમજી લાલજી હીરાણી - રામપર હાલે વુલ્વીચ
- પ.ભ. રવિલાલભાઈ ધનજી કારા, પ્રીતિબેન રવિલાલ કારા - માંડવી
- પ.ભ. દિનેશભાઈ કલ્યાણ વરસાણી - માધાપર
- પ.ભ. તેજબાઈ જાદવા મનજી હીરાણી - બળદીયા
- પ.ભ. શાહિલભાઈ પ્રેમજી આસાણી, ખુશાલ પ્રેમજી આસાણી - વેકરા
- પ.ભ. કનુભાઈ ડાહ્યાલાલ પ્રજાપતિ - ભુજ
- પ.ભ. અરવિંદભાઈ વાલજી મેપાણી - સુખપર
- પ.ભ. નારણભાઈ હીરજી રાઘવાણી - બળદીયા
- પ.ભ. કલ્પેશભાઈ કરસન હીરાણી - કોડાય માંડવી
- પ.ભ. રામજીભાઈ વેલજી ભગત વરસાણી - મદનપુર
- પ.ભ. વિપિનભાઈ રવજી વેકરીયા - માધાપર
- પ.ભ. ભીમજી મનજી આસાણી - માંડવી હાલે કેરૂગોયા
- પ.ભ. હર્ષાબેન રમેશ હાલાઈ - નારણપર
- પ.ભ. કંચનબેન હસમુખભાઈ બાપડીયા - અંજાર
- પ.ભ. અ.નિ. લાલજીભાઈ રામજી પિંડોરીયા મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. મુળજીભાઈ મનજી લાલજી વાઘજીયાણી (નવા મકાનના વાસ્તુ નિમિત્તે) - નારણપર ની.વા.
- પ.ભ. રમેશભાઈ કલ્યાણ રાબડીયા - વાડાસર
- પ.ભ. શીવમભાઈ રવજી ભુડીયા - સુખપર
- પ.ભ. અરવિંદભાઈ કેશરા હીરાણી - બળદીયા
- પ.ભ. ભીમજીભાઈ રામજી ખેતાણી - બળદીયા
- પ.ભ. હર્ષદભાઈ નાનજી જેસાણીના જન્મદિવસ નિમિત્તે - બળદીયા હાલે નૈરોબી
- પ.ભ. જેન્તીભાઈ રામજીભાઈ વેકરીયા - કેરા
- પ.ભ. અંકિતાબેન દેવરાજ કેરાઈ - નૈરોબી
- પ.ભ. કાનજીભાઈ રામજી વરસાણી, ઘનશ્યામ કાનજી વરસાણી - ભક્તિનગર
- પ.ભ. શાંતાબેન કુરજી દબાસીયા - ભક્તિનગર
- પ.ભ. ઠક્કર રતનશીભાઈ (પકુભાઈ) દેવકરણ રૂખાણા - તેરાવાલા સહપરિવાર હ. અમિતભાઈ તથા ધ્રુવભાઈ - મુલુન્ડ મુંબઈ
- પ.ભ. વિનોદભાઈ કરસન ભુડીયા - કોડકી
- પ.ભ. કુશભાઈ ખીમજી વાઘડીયા - સુખપર
- પ.ભ. જયશ્રીબેન મેઘજી શીયાણી - કોડકી
- પ.ભ. ધનજી કરસન વરસાણી ધ.પ. કંકુબેન - સુખપર
- પ.ભ. સુરેશભાઈ મનજીભાઈ સેંઘાણી - નારણપર
- પ.ભ. ગોપાલભાઈ રવજીભાઈ કાબરીયા - ગોડપર
- પ.ભ. હરીશભાઈ મનજી વેકરીયા - નારણપર
- પ.ભ. સુનિતાબેન કાન્તિ ભુડિયા મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી - ફોટડી
- સાં.યો. રતનબાઈ વિશ્રામ કેરાઈ - રામપર વેકરા
- પ.ભ. ભીમજીભાઈ મુળજીભાઈ હાલાઈ - માંડવી
- પ.ભ. કાનજીભાઈ મુળજીભાઈ હાલાઈ - માંડવી
- પ.ભ. વાલજીભાઈ માવજી રાબડીયા - સરલી
- પ.ભ. જેન્તીલાલભાઈ શીવજી હીરાણી, જશુબેન જેન્તી હીરાણી, ઘનશ્યામ જેન્તી હીરાણી, વિનેશ જેન્તી હીરાણી - માંડવી
- પ.ભ. શૈયાબેન શીવજીભાઈ ખેતાણી - બળદીયા
- પ.ભ. મુકેશભાઈ અરજણભાઈ હાલાઈ - સુરજપર
- પ.ભ. નારણ ધનજી ખેતાણી ધ.પ. નીતાબેન - મદનપુર

- પ.ભ. રમેશભાઈ પરબત પિંડોરીયા ધ.પ. કાન્તાબેન રમેશ પિંડોરીયા પુત્ર મુકુંદ તથા પુત્રી જિંકલ - નારણપર ઉ.વા.
- પ.ભ. ભાવનાબેન વિનોદ હ. ધનજી ગોપાલ દબાસીયા (કોડકી) - વાડાસર
- પ.ભ. ખીમજીભાઈ વેલજીભાઈ પિંડોરીયા - નારણપર
- પ.ભ. અ.નિ. દેવરાજભાઈ મુળજી રાબડીયા હ. હિતેશ દેવરાજ - સરલી
- પ.ભ. વાલજીભાઈ લક્ષ્મણ કેરાઈ, ધ.પ. ભાવનાબેન વાલજી કેરાઈ - નારણપર
- પ.ભ. અવનિબેન શામજીભાઈ હાલાઈ - માંડવી
- પ.ભ. કરસનભાઈ શીવજી ભુવા ધ.પ. કાન્તાબેન સુપુત્ર પ્રિતમ તથા કિશન સહપરિવાર - સુખપર હાલે લંડન
- પ.ભ. ધનસુખભાઈ અરજણ ધ.પ. ભાવનાબેન વાઘડીયા હ. સાં.યો. નીતાબેન - સુખપર
- પ.ભ. ક્રિશીબેન રમેશભાઈ વરસાણી - નારણપર
- પ.ભ. માધવીબેન રમેશભાઈ વરસાણી - નારણપર
- પ.ભ. વંશીબેન રવજીભાઈ વરસાણી - નારણપર
- પ.ભ. કુંવરજીભાઈ પ્રેમજી વેકરીયા - નારણપર
- પ.ભ. જીણાભાઈ શીવજી પિંડોરીયા ધ.પ. પ્રેમબાઈ જીણાભાઈ પિંડોરીયા - સુરજપર
- પ.ભ. જગદીશભાઈ રણછોડ ચૌધરી - રાપર
- પ.ભ. પ્રવિણભાઈ ગોરખ મગર - મહારાષ્ટ્ર (કોટળી)
- પ.ભ. જેન્તીલાલભાઈ શીવજી હીરાણી - ફોટડી
- પ.ભ. જીગરભાઈ સુથાર - મેઘપર
- પ.ભ. હિતેન્દ્રભાઈ અરવિંદભાઈ રાબડીયા હ. દિનેશ વેલજી રાબડીયા - સુખપર
- પ.ભ. કરસનભાઈ કાનજી હીરાણી - મીરજાપર
- પ.ભ. નારણભાઈ પ્રેમજી છભાડીયા સહપરિવાર - ભુજ હાલે સીડની
- પ.ભ. લખમણભાઈ નારણભાઈ પિંડોરીયા - નારણપર
- પ.ભ. હંસાબેન મનસુખભાઈ વેકરીયા - માંડવી
- પ.ભ. રવજીભાઈ કાનજી હીરાણી - રામપર
- પ.ભ. રમેશભાઈ શામજી જેસાણી - દહીંસરા
- પ.ભ. અ.નિ. હરજીભાઈ નારણ હીરાણી મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. અ.નિ. જીજ્ઞેશભાઈ કિશોરભાઈ ગોરના મોક્ષાર્થે સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજીની પ્રેરણાથી - ભુજ
- પ.ભ. કાનજીભાઈ કરસન ગોંડલીયા ધ.પ. પુરબાઈ સહપરિવાર હ. મહંત સાં.યો. શામબાઈ અરજણ હીરાણી - મીરજાપર
- પ.ભ. ચેતનાબેન ભાવેશ વેકરીયા - નારણપર હાલે નૈરોબી
- પ.ભ. ધીરજભાઈ જાદવા કેરાઈ - નારણપર
- પ.ભ. સુનિલભાઈ દેવજી મેપાણી લગ્ન પ્રસંગે હ. સાં.યો. કુંવરબાઈ હીરાલાલ - માધાપર
- પ.ભ. કલ્પનાબેન હરીશ વેકરીયા - નારણપર
- પ.ભ. પ્રીતિબેન નીતિન હીરાણી - માનકુવા
- પ.ભ. સુનિલભાઈ રવજી વરસાણી - ભક્તિનગર
- પ.ભ. ગોપાલ પરબત હાલાઈ-ગોડપર હાલે સીડની
- પ.ભ. કાનબાઈ કાનજી અરજણ વરસાણી - માનકુવા
- પ.ભ. લક્ષ્મણભાઈ પ્રેમજી વેકરીયા - રામપર
- પ.ભ. રામબાઈ મનજી હીરાણી - ગોધરા રાવાડી
- પ.ભ. ભરતભાઈ જેઠાલાલ વેકરીયા - નારણપર
- પ.ભ. મનજીભાઈ કુંવરજીભાઈ હાલાઈ - મીરજાપર
- પ.ભ. મુકેશભાઈ મનજીભાઈ હાલાઈ - મીરજાપર
- પ.ભ. રીનાબેન દિપક કેરાઈ - મેઘપર
- પ.ભ. હરજીભાઈ વિશ્રામ ધ.પ. રાધાબાઈ વેકરીયા મહંત શામબાઈ ફઈના જન્મદિવસ પ્રસંગે - નારણપર
- પ.ભ. મીતલબેન હરજી વેકરીયા મહંત શામબાઈ ફઈના જન્મદિવસ પ્રસંગે - નારણપર
- પ.ભ. પુરબાઈ શીવજી ગોરસીયા મહંત શામબાઈ ફઈના જન્મદિવસ પ્રસંગે - નારણપર
- પ.ભ. નાનબાઈ વાલજી ગોંડલીયા મહંત શામબાઈ ફઈના જન્મદિવસ પ્રસંગે - મીરજાપર
- પ.ભ. રવજીભાઈ અરજણ વેકરીયા - માંડવી
- પ.ભ. મીનલબેન જાદવા કેરાઈ - કોડકી
- પ.ભ. અ.નિ. કાનજીભાઈ કરસન વાઘજીયાણી હ. રામજી કાનજી વાઘજીયાણી સહપરિવાર - નારણપર
- પ.ભ. ઘનશ્યામભાઈ મનજી પિંડોરીયા, પિતાશ્રી મનજીભાઈ વાલજી હ. સ્વામી ત્યાગવલ્લભદાસજી - ગોધરા

- પ.ભ. ધીરેન્દ્રભાઈ મનજી પિંડોરીયા - સુરજપર
- પ.ભ. જીતેશભાઈ હરજી સેંઘાણી - નારણપર
- પ.ભ. નવિનભાઈ હરજી સેંઘાણી - નારણપર
- પ.ભ. વાલજી વીરજી ભુડીયા - સુરજપર હાલે કંપાલા
- પ.ભ. અરજણભાઈ લાલજી કેરાઈ હ. સ્વામી ત્યાગવલ્લભદાસજી - ગોડપર
- પ.ભ. અ.નિ. કેશરાભાઈ લક્ષ્મણ વેકરીયા હ. ગં.સ્વ. હીરૂબેન કેશરા - નારણપર હાલે સીડની ઓસ્ટ્રેલીયા
- પ.ભ. હિતેશભાઈ કેશરા લક્ષ્મણ વેકરીયા હ. રસીલાબેન - નારણપર હાલે સીડની ઓસ્ટ્રેલીયા
- પ.ભ. આરનાબેન હિતેષ કેશરા તથા ધ્યાની હિતેશ કેશરા વેકરીયા - નારણપર હાલે સીડની ઓસ્ટ્રેલીયા

---

## પોષ સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. સુરેશભાઈ નારણ વરસાણી સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન - માનકુવા
- પ.ભ. ગ.સ્વ. રામબાઈ કરસન ગોરસીયા પરિવાર સર્વે દેવોના શિખર પરની ધજાના યજમાન - માનકુવા
- પ.ભ. કિરણભાઈ દેવરાજ પિંડોરીયા - સુખપર રોહા
- પ.ભ. નયનભાઈ કલ્યાણ રાબડીયાના જન્મદિવસ નિમિત્તે - રાપર
- સાં.યો. સુંદરબેન પરબત કેરાઈ - રામપર
- પ.ભ. વિનોદભાઈ શીવજી ગોરસીયા તથા મુકેશ પ્રેમજી પાંચાણી સહપરિવાર - ભુજ
- પ.ભ. સુરેશભાઈ વેલજી રાબડીયા - માંડવી હાલે ઓસ્ટ્રેલીયા
- પ.ભ. નિશાબેન ગોપાલ રાબડીયા, વિનોદ ગોપાલ રાબડીયા - બળદીયા
- પ.ભ. અશ્વિની હરીશ હાલાઈ-દહીંસરા હાલે ન્યુઝીલેન્ડ
- પ.ભ. હંસાબેન રત્ના કાનજી વરસાણી - કોડકી
- પ.ભ. મંજુલાબેન હીરજી હાલાઈ - સુખપર
- પ.ભ. લકહીર પ્લાસ્ટીક લી. હ. ધનજી કુંવરજી હીરાણી - ભક્તિનગર
- પ.ભ. અ.નિ. કેશરબાઈ કરસન હરજી કેરાઈ સુપુત્ર શીવજી કરસન ધ.પ. હંસાબેન શીવજી પૌત્ર ઘનશ્યામ - નારણપર ઉ.વા.
- પ.ભ. જયેશભાઈ ક્રિષ્ના - માધાપર
- પ.ભ. દિનેશ મુળજી હીરાણી, અનિતાબેન - માનકુવા
- પ.ભ. ક્રિશ દિનેશ હીરાણી, ક્રિશાબેન દિનેશ હીરાણી - માનકુવા
- પ.ભ. શ્રીસ્વામિનારાયણ ભરોસે હ. દેવભાઈ-માધાપર
- પ.ભ. વિશેષ પરષોત્તમ ગામી ધ.પ. રીના - માધાપર
- પ.ભ. જયેશભાઈ કેશરા ગોરીસીયા - માધાપર
- પ.ભ. રામજીભાઈ કાનજી સેંઘાણી - બળદીયા
- પ.ભ. નિશાંતભાઈ પટેલ - રાજનંદગાંવ
- પ.ભ. દિલીપભાઈ રત્ના વરસાણી - કોડકી
- પ.ભ. પ્રેમજીભાઈ ધનજીભાઈ રાઘવાણી - બળદીયા હાલે નૈરોબી
- પ.ભ. સુરેશભાઈ વાલજી હીરાણી - મીરજાપર
- પ.ભ. હરજીભાઈ લખમણ વેકરીયા - નારણપર
- પ.ભ. કિશોરભાઈ રમેશ ગાજપરીયા - માંડવી
- મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી વાલજી કરસન હીરાણી - મીરજાપર
- પ.ભ. રવજીભાઈ રતનશી ચૌહાણ - ઘડાણી
- પ.ભ. શામબાઈ મનજી ભુવા - સુખપર
- પ.ભ. ધનુબેન રમેશભાઈ હીરાણી - આ.સુખપર
- પ.ભ. જાદવજીભાઈ કાનજી વોરા, ધ.પ. સવિતાબેન પુત્ર નિમેશ, દુલ્હા, જીકસા - માનકુવા
- પ.ભ. તેજબાઈ રામજી વેકરીયા - રામપર હાલે નૈરોબી
- પ.ભ. જાદવજીભાઈ વિશ્રામ વેકરીયા - નારણપર હાલે મોમ્બાસા
- પ.ભ. ધનબાઈ જાદવજી વેકરીયા - નારણપર હાલે મોમ્બાસા
- પ.ભ. જીગ્નેશભાઈ જાદવજી વેકરીયા - નારણપર હાલે મોમ્બાસા
- પ.ભ. કિશનભાઈ જાદવજી વેકરીયા - નારણપર હાલે મોમ્બાસા
- પ.ભ. ધનબાઈ નારણ કેરાઈ હ. નારણ વાલજી કેરાઈ - નારણપર હાલે નૈરોબી

- પ.ભ. દીપ્તિબેન દેવરાજ પિંડોરીયા - સુખપર રોહા
- પ.ભ. પ્રવિણાબેન દેવરાજ પિંડોરીયા - સુખપર રોહા
- પ.ભ. રીવાબેન જીતેન રાઘવાણી - બળદીયા
- પ.ભ. અ.નિ. વાલજીભાઈ વેલજી ભુડીયા - મોટી રાયણ
- પ.ભ. આયુષીબેન ધનજીભાઈ લાલજી હીરાણી - માનકુવા
- પ.ભ. અવનિબેન ધનજી ભુડીયા - વાડાસર
- પ.ભ. રમેશભાઈ કુંવરજી મનજી હાલાઈ - નારણપર
- પ.ભ. સુરેશભાઈ કરસન સેંઘાણી - નારણપર
- પ.ભ. ભક્તિ, માધવ, મનિષા, કિશોર રત્ના કેરાઈ - નારણપર
- પ.ભ. શાંતાબેન સુરેશ સેંઘાણી - નારણપર ઉ.વા.
- પ.ભ. ધીરજલાલ ભીમજી હીરાણી - ફોટડી
- પ.ભ. વિઠ્ઠલભાઈ દેવજી વરસાણી - કોડકી
- પ.ભ. રવજીભાઈ હરજી રાબડીયા - વાડાસર
- સાં.યો. નીતાબેનની પ્રેરણાથી પ્રેમીલાબેન જેન્તીલાલ હરજી સેંઘાણી - નારણપર
- પ.ભ. અમરબેન વેલજી પિંડોરીયા - નારણપર
- પ.ભ. રાજેન્દ્રભાઈ ધનજી પરબત હાલાઈ - લીલાવંતીબેન રાજેન્દ્ર હાલાઈ - સુરજપર
- પ.ભ. અ.નિ. ચમનલાલ કરસન વરસાણી - સુખપર
- પ.ભ. રામબાઈ રામજી વેકરીયા, લાલજી રામજી - કેરા
- પ.ભ. દર્શનભાઈ ભરત ભંડેરી - મેઘપર
- પ.ભ. ગોદાવરીબેન દલસુખભાઈ પિતાંબર - ગોધરા
- પ.ભ. મેઘજીભાઈ દેવજી શીયાણી - વેકરા
- પ.ભ. સ્મૃતિબેન જીતેન વાગડીયા - કેરા
- પ.ભ. અમૃત રાજુ વોરા - બળદીયા
- પ.ભ. પુષ્પાબેન રમેશ રવજી કેરાઈ - નારણપર
- પ.ભ. રામજીભાઈ હીરજી કેરાઈ ધ.પ. મંજુલાબેન રામજી હ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી - કુંદનપર
- સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની પ્રેરણાથી વાલજી મનજી ભંડેરી - નાગલપર (માંડવી)
- પ.ભ. ખીમજીભાઈ વેલજી પિંડોરીયા-નારણપર ઉ.વા.
- પ.ભ. ઠક્કર રૂપેશ મનજી વિશ્રામ (નેત્રાવાલા) - ભુજ
- પ.ભ. મહેન્દ્રભાઈ મુળજી ગોરસીયા હ. મુળજી માવજી - રામપર વેકરા
- પ.ભ. યશ્વીબેન કિશોર ભુવા - સુખપર

---

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ

- સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી મનજીભાઈ કુંવરજી હાલાઈ સહપરિવાર - મીરજાપર
- પ.ભ. કેશરબાઈ રવજી ભીમજી કેરાઈ હ. વાલજી રવજી કેરાઈ - રામપર વેકરા
- પ.ભ. માવજીભાઈ વિશ્રામ વેલાણી હ. સાં.યો. રતનબાઈ - ભક્તિનગર
- પ.ભ. પ્રેમજીભાઈ શીવજી વાઘાણી - નરનારાયણ નગર
- પ.ભ. અ.નિ. રાધાબાઈ કાનજી દબાસીયા - માનકુવા
- પ.ભ. લાલજીભાઈ કરસનભાઈ વેકરીયા - રામપર
- પ.ભ. અ.નિ. વિશ્રામભાઈ ભીમજી પૂંજાણી હ. શીવજીભાઈ વિશ્રામ પૂંજાણી ધ.પ. જશુબેન શીવજી - ભક્તિનગર
- પ.ભ. અ.નિ. ખીમજીભાઈ શીવજી હીરાણી સહપરિવાર - બળદીયા
- પ.ભ. અ.નિ. કુંવરજીભાઈ કરસન શિયાણી હ. લખમણ કુંવરજી સહપરિવાર
- પ.ભ. ભીમજીભાઈ પ્રેમજી ગોંડલીયા હ. દેવબાઈ પરબત વેકરીયા - મીરજાપર

## આગામી માસની કથાઓ

| તારીખ | ગામ | યજમાશ્રીઓ |
|---|---|---|
| ૫-૨-૧૬ | માધાપર | ભાગવત કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૭-૨-૧૬ | મુંબઈ-થાણા | કથા પારાયણ દિવસ સાતની |
| ૨૪-૨-૧૬ | વિલેપાર્લે-મુંબઈ | કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૯-૨-૧૬ | રામપર-જુનાવાસ | કથા પારાયણ દિવસ પાંચની |

# સત્સંગ સમાચાર

## માંડવીમાં ધનુર્માસની ઉજવણી

ભારતમાં ઉત્સવોને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ધનુર્માસમાં સૂર્ય ધનરાશિમાં હોવાથી હરિભજન, કથા, ધૂન, નામસ્મરણનો મહિમા અનેરો અને અલૌકિક હોય છે. મહામંત્રના જાપથી પાપ, તાપ અને યમનો ત્રાસ નાશ પામે છે.

માંડવી શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, શ્રીઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં તથા પૂજ્ય સંતોની ઉપસ્થિતિમાં એક માસ દરમ્યાન વહેલી સવારે માંડવી વાડી વિસ્તારના દૂર દૂરથી ઠંડીમાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, વડીલો, બાળકો તથા બહેનો ભક્તો મંદિરના શ્રીસહજાનંદ સભા મંડપમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ઓરકેષ્ટ્રા વાજિંત્રોના તાલના સથવારે રાસોત્સવની રમઝટ સાથે દરરોજ સવારના ૬:૦૦ થી ૭:૧૫ સુધી રાખવામાં આવેલ હતી.

ભાઈ બહેનો ભક્તો આ ધૂનમાં વહેલાસર પધારી ઠાકોરજીના થાળ તથા ધૂન મહાપ્રસાદના યજમાનપદ સ્વીકારી પ્રસંગને ઉમંગભેર વધાવી સેવામાં સહભાગી થઈ ભગવાન શ્રીહરિનો તથા સંતોનો રાજીપો મેળવી ધન્ય ભાગ્યશાળી બન્યા હતા.

ધનુર્માસ અંતર્ગત શાકોત્સવ, મહાઆરતી જેવા વિવિધ ઉત્સવો આવરી લેવામાં આવ્યા હતા. ઉત્તરાયણ પર્વે ગાયોના ઘાસ ચારા માટે ઝોળી દાન થયું હતું. નિજમંદિરને ૨ ટન પુષ્પોથી શણગારવામાં આવ્યું હતું. જેમાં માંડવી વાડી વિસ્તારના યુવતી મંડળ તથા યુવક મંડળના યુવાનોએ ભગરીથ સેવા આપી હતી. એક માસ દરમ્યાન સભાસંચાલક પદ શા. સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ શોભાવ્યું હતું. કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજીએ પહેરામણી પૂરી પાડી હતી.

ધનુર્માસમાં વિશેષ પ્રસાદના યજમાનો :- મેઘજીભાઈ ધનજી હાલાઈ સહપરિવાર - માંડવી (લંડન), કાન્તીભાઈ નારણ રાબડીયા સહપરિવાર - માંડવી(નૈરોબી), પ્રેમજીભાઈ મનજી હીરાણી સહપરિવાર - માંડવી, શાકોત્સવના યજમાન ખીમજીભાઈ શીવજી ભુડીયા સહપરિવાર - માંડવી(નૈરોબી), હરજીભાઈ પ્રેમજી વેકરીયા સહપરિવાર - માંડવી (નૈરોબી), રામજીભાઈ શામજી હાલાઈ સહપરિવાર - માંડવી, શીવજી મનજી હીરાણી તથા હીરજી દેવજી સુરજાણી સહપરિવાર માંડવી, લાલજીભાઈ રત્ના જેસાણી સહપરિવાર - દહીંસરા (નૈરોબી), અ.નિ. નાથાલાલ વાઘજી પિંડોરીયા સહપરિવાર - ભારાપર(માંડવી), નાનજીભાઈ કુંવરજી વેકરીયા સહપરિવાર - કોડાય(માંડવી), વેલજીભાઈ વીરજી પિંડોરીયા સહપરિવાર - માંડવી(લંડન), માવજીભાઈ લાલજી વેકરીયા તથા કરસનભાઈ લાલજી વેકરીયા અને મેઘજીભાઈ લખમણ હીરાણી સહપરિવાર - પિયાવા(માંડવી) શાકોત્સવ તથા મહાઆરતી, રામજીભાઈ મનજી વેકરીયા સહપરિવાર - પિયાવા(માંડવી)

ધનુર્માસમાં મહિનાના ધૂન્યપ્રસાદના યજમાશ્રીઓ :- પૂજ્ય સ્વામી શ્રીહરિદાસજી તથા સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ વડીલ સંતોની પ્રેરણાથી શીવજીભાઈ વીરજી કેરાઈ પરિવાર - ઓસ્ટ્રેલીયા, પ્રવિણભાઈ નારણ કેરાઈ - નારણપર, વાલજી નાનજી કેરાઈ - ડોણ(માંડવી), શૈલેષ મુળજી હાલાઈ - ઓસ્ટ્રેલીયા, મનસુખ શીવજી રત્ના પાધરા - મદનપુર, માવજી તથા કાનજી નારણ ગોરસીયા - સુખપર, રામજીભાઈ મથરાદાસ કપટા - માંડવી, લક્ષ્મીગ્રુપ હસ્તે દિનેશભાઈ - નૈરોબી, ભાવેશ મનજી હીરાણી - સુખપર, કેશવ હરિશ રાબડીયા - નૈરોબી, આનંદ વિજય પિંડોરીયા - નૈરોબી, જાદવા કાનજી કેરાઈ - રામપર (લંડન), કલ્યાણ રામજી વેકરીયા - નૈરોબી, હરજી ગાંગજી વેકરીયા - માંડવી, પટેલ લાલજી વિશ્રામ એન્ડ કંપની - માંડવી, વાલજી વેલજી હરિબિલ્ડર્સ - સીસલ્સ, અશ્વિનભાઈ જેન્તીભાઈ મિસ્ત્રી - દુબઈ, ભુપેન્દ્રભાઈ માવજી ઠક્કર - ભુજ,

સાવિત્રીબેન ઘનશ્યામ પૂંજા નીસર - મુંબઈ, જયેશ ડાંગરીયા - જામનગર, વાલજી રવજી કેરાઈ - કોડકી, આનંદભાઈ પ્રવિણભાઈ દક્ષિણી - અંજાર, રવજી નારણ અરજણ કેરાઈ - નારણપર, મંજુબેન કાન્તી વેકરીયા - લંડન, વીરજી મેઘજી પિંડોરીયા - નૈરોબી, નારણ લખમણ આંબાણી - નૈરોબી, રવજી જાદવા ખીમાણી - નૈરોબી, લાલજી કલ્યાણ શીયાણી - મોમ્બાસા, કાન્તી મુળજી મેપાણી - સુખપર, કાનજી કલ્યાણ જેસાણી - લંડન.

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, માંડવી

---

## શાકોત્સવની ભવ્ય ઉજવણી

મીરજાપર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય શાકોત્સવની ઉજવણી કરાઈ. કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળે સમગ્ર ઉત્સવનું આયોજન કરેલું તથા આ ઉત્સવના મુખ્ય યજમાનપદે ગામના પ.ભ.મુળજીભાઈ વિશ્રામ કેરાઈ તેમના નાના ભાઈ રમેશભાઈ વિશ્રામ કેરાઈ (નારોબીવાળા) રહ્યા હતા.

આ ઉત્સવમાં કથાના વક્તા પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ પોતાની આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. અને ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી તથા તેમના સાથી કલાકારોએ સંગીતથી સાથ આપ્યો હતો. સભાસંચાલકશ્રી પુ. સ્વામી ઉત્તમચરણદાસજી રહ્યા હતા.

આ ઉત્સવમાં ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજી તથા ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા અન્ય નાના મોટા સંતો પધાર્યા હતા.

તેમજ ભુજ પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી પોતાના મંડળના સંતો સહિત પધાર્યા હતા. માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી મંડળના સંતો સાથે પધાર્યા હતા તથા અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી મંડળ સહિત પધાર્યા હતા. આ સમગ્ર ઉત્સવમાં ૪૦ જેટલા સંતો દર્શન આપવા પધાર્યા હતા. આજુબાજુના ગામમાંથી પણ સાં.યો. બાઈઓ મળીને ૨૫ જેટલા પધાર્યા હતા.

મહંત સ્વામીના હાથે શાકનો વઘાર કર્યો હતો. સ્વામીની સાથે ધામોધામથી પધારેલ મહંતો તથા વડીલ સંતો તથા ભુજ મંદિરના કોઠારી સ્વામી તથા આ ઉત્સવના યજમાન રમેશભાઈ વિશ્રામ કેરાઈ પણ મહંત સ્વામીની સાથે હતા.

પાર્ષદ કોઠારી જાદવજી ભગતે પોતાના આશીર્વચનમાં યુવાનોને બિરદાવ્યા હતા. છેલ્લે મહંત સ્વામી પોતાના આશીર્વચનમાં એવું જણાવ્યું કે આ ગામમાં મને ઘણા દિવસથી આવવાની ઈચ્છા હતી અને યુવક મંડળના યુવાનો આમંત્રણ આપવા આવ્યા ત્યારે જણાવ્યું કે તમારા ગામમાં હું ચોક્કસ આવીશ. આવી લાગણી મહંત સ્વામીની મીરજાપર ગામ ઉપર છે.

અહેવાલ :- વેકરીયા દિપક નારણ, મીરજાપર

---

## શાકોત્સવ, વિરેશ્વર મહાદેવ

ભુજ મંદિરના મહંત સ્વામીના આશીર્વાદથી માનકુવા મધ્યે તા. ૧૦-૧-૨૦૧૬ના શાકોત્સવ કરવામાં આવ્યો હતો. સ્વામી વ્યાસસ્વરૂપદાસજી, સ્વામી ગોલોકવિહારીદાસજી, પાર્ષદ કોઠારી ખીમજી ભગત, સ્વામી આનંદસ્વરૂપદાસજીએ હાજરી આપી હતી. યજમાનપદે દેવશી શીવજી હીરાણી રહ્યા હતા. ખીમજી ભગતે યુવાનો, વડીલો, યુવતીઓને બધાને ગેમ રમાડી હતી. ખીમજી ભગતે કહ્યું કે આ પ્રસાદી સરોવરને વિકસાવો અને બધા વૃક્ષો વાવજો. અને એવું નયનરમ્ય સ્થળ બનાવો જેથી બધા આ સ્થળની મુલાકાત લે એવું કહ્યું હતું.

અહેવાલ :- દેવજી પ્રેમજી જોધાણી

---

## પંચાહ્ન પારાયણ, મીરજાપર

મિરજાપર ગામે બહેનો તથા ભાઈઓના શ્રીસ્વામિનારાયણ મંદિરે માગશર વદ ૬ના ઠાકોરજીનો ૧૧મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. અ.નિ. હાલાઈ કુંવરજીભાઈ વેલજી ધ.પ. કેશરબાઈ, સુપુત્ર મનજી ધ.પ. પુરબાઈ, સુપુત્ર મુકેશ, દિલીપ તથા ગોપાલ સહપરિવારના

યજમાનપદે સત્સંગીજીવન કથા પંચાહ્ન પારાયણ યોજાયું હતું. વ્યાસાસને બિરાજી પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ કથામૃતનું રસપાન કરાવેલ. આ પાવન પ્રસંગે ભુજથી કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી સહિત મોટી સંખ્યામાં સંતો તેમજ સાં.યો. મહંત શામબાઈ ફઈ સહિત સારી એવી સંખ્યામાં સાં.યો. બહેનોએ પધારી દર્શનનો લાભ આપ્યો હતો. મંદિરના કાર્યકર્તા ટ્રસ્ટીઓ તેમજ વિશાળ સંખ્યામાં હરિભક્ત ભાઈ-બહેનોએ કથાનો લાભ લીધો હતો. સંતોએ રૂડા આશીર્વચન તેમજ સાં.યો. મહંતે ધાર્મિક બોધદાયક પ્રવચન દ્વારા આશીર્વાદ આપ્યા હતા.

રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો તથા રાસોત્સવ યોજવામાં આવેલ.

અહેવાલ :- સાં.યો. મહંત શામબાઈ

---

## નૂતન મંદિર મહોત્સવ, નારણપર નીચલોવાસ

ભગવાન શ્રીસ્વામિનારાયણની અસીમ કૃપાથી તેમજ ભુજ મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી નારણપર નીચલાવાસ મધ્યે નૂતન મંદિર એવમ્ નૂતન શ્રીસ્વામિનારાયણ સમાજવાડીનો મંગલ મહોત્સવ તા. ૨૧-૧૨-૨૦૧૫ થી તા. ૨૯-૧૨-૨૦૧૬ સુધી ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

મંગલ મહોત્સવની શરૂઆત મેડીકલ કેમ્પથી કરવામાં આવી. તેનું દીપપ્રાગટ્ય મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતો તથા દાતાશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું. સ.ગુ. પુ. સ્વામી કેસવપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ વિષ્ણુયાગનો પ્રારંભ તા. ૨૧-૧૨-૨૦૧૫ થી તા. ૨૩-૧૨-૨૦૧૫ ના બપોરે મોટા મહારાજશ્રી તેજન્દ્રપ્રસાદજી તથા મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો અને દાતાશ્રીઓ દ્વારા વિષ્ણુયાગનું શ્રીફળ હોમીને સમાપ્તિ કરી હતી.

આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. પોથીયાત્રા તા. ૨૨-૧૨-૨૦૧૫ના બપોરપછી મોટા મહારાજશ્રી તથા મહંત સ્વામી આદિ વડીલ સંતો તથા સમસ્ત ભાઈઓ-બહેનો જોડાયા હતા. તા. ૨૩-૧૨-૨૦૧૫ના સવારે કથાનું દીપપ્રાગટ્ય પણ મોટા મહારાજશ્રી, મહંત સ્વામી, સ્વામી ધર્મવલ્લભદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી,પાર્ષદ કોઠારી જાદવજી ભગત આદિ વડીલ વિદ્વાન સંતો તથા દાતાશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

કથાના વક્તા શા. સ્વામી નારાયણમુનિદાસજી, પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, શા. સ્વામી હરિપ્રસાદદાસજી, પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી રહ્યા હતા. સભાસંચાલક સ્વામી ઉત્તમચરણદાસજી, પુ. સ્વામી ધર્મચરણદાસજી તથા ગવૈયા સ્વામી નિર્ભયચરણદાસજી, તબલાવાદક સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી રહ્યા હતા. મંડળના સંતો અને ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ મંગલ મહોત્સવ ઉજવાયો હતો.

તા. ૨૩-૧૨-૨૦૧૫ના રાત્રે ભવ્ય ઠાકોરથાળીનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૪-૧૨ના શ્રીઘનશ્યામ એકેડેમીના વિદ્યાર્થી અને બાલ મંડળ, નારણપરના બાળકોનો સાંસ્કૃતિક પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. તા. ૨૫-૧૨ના બપોરપછી ધામધૂમથી શ્રીઘનશ્યામ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તા.૨૬-૧૨ના સવારે મહાશાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તે જ દિવસે રાત્રે મહંત સાં.યો. વાલબાઈ ભચુની દેખરેખ હેઠળ મહિલામંચનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ મહોત્સવમાં ધામેધામથી વડીલ વિદ્વાન સંતો પધારી આશીર્વાદ પાઠવ્યા અને મહોત્સવમાં શોભાવૃધ્ધિ કરી હતી. ભુજ બહેનોના મંદિરના મહંત સાં.યો. સામબાઈ તથા ગામેગામના સાં.યો. બહેનો પધાર્યા હતા. અમદાવાદ મંદિરના મહંત સ્વામી પધારી આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૭-૧૨-૨૦૧૫ના રાત્રે દાંડીયારાસ અને તા. ૨૮-૧૨ના સવારે સિંહાસનમાં મૂર્તિનું સ્થાપન પૂજન સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું. પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી

ભગત આદિ વડીલ સંતો તથા દાતાશ્રી દ્વારા મંદિરના ચારે મુખ્ય દ્વારનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સિંહાસનમાં બિરાજમાનદેવોની આરતી મહારાજશ્રી તથા વડીલ સંતો દ્વારા ઉતારવામાં આવી હતી.

તા. ૨૮-૧૨-૨૦૧૫ના સવારે મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. કથા મંડપમાં મહારાજશ્રી સર્વે સંતો, ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા ને દરેક દાતાશ્રીઓને પહેરામણી આપીને બિરદાવ્યા હતા. ત્યારબાદ શ્રીસ્વામિનારાયણ સમાજવાડીમાં નૂતન હોલ અ.નિ. સાં.યો. લીરબાઈ ફઈ સ્મૃતિ હોલ, અ.નિ. સ.ગુ. સ્વામી મુરલીમનોહરદાસજી સ્મૃતિ હોલનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

તા. ૨૯-૧૨ના સવારે ૧૦ કલાકે દેવોનું ઉત્થાપન પૂજન કરી મંગલ મહોત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ મહોત્સવમાં મંદિરની કમીટી, બાંધકામ કમીટી, ગામના સાં.યો. બહેનો, યુવક મંડળ, બાલ મંડળ, મહિલા મંડળ, યુવતી મંડળ, બાલિકા મંડળ તથા સર્વે ગામજનો, બાળકો, યુવાનો, વડીલો, માતા-બહેનોનો સાથ સહકાર મળ્યો હતો.

અહેવાલ :- કેરાઈ જાદવજી

---

## શાકોત્સવ, રોટરીનગર રાવલવાડી રીલોકેશન સાઈટ

ભગવાન શ્રીસ્વામિનારાયણે મોક્ષમાર્ગને સરળ બનાવી પોતાના પ્રેમીભક્તોને લાડ લડાવવા ઉત્સવોની હારમાળા બનાવી. લોયાના દરબાર અને શ્રીજી મહારાજનું રમકડું કહીએ એવા સુરાભક્તને એમ થયું કે આ સમયમાં ક્યો ઉત્સવ કરવો. અને લોયાની વાડીઓમાંના વૈતાક યાદ આવ્યા અને શ્રીજી મહારાજને કહે છે, મહારાજ 'શાકોત્સવ' કરીએ અને ત્યારથી લઈને આજ દિવસ સુધી સંપ્રદાયમાં આ ઉત્સવ આપણા દરેક મંદિરોમાં ઉજવવામાં આવે છે. જે આપણા રીલોકેશન-સાઈડના મંદિરમાં જ્યોતિબેન જયરામભાઈ કોઠારીના મુખ્ય યજમાનપદે યોજાયો હતો. જેમાં ભુજ મંદિરેથી શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી તથા સ્વામી ચંદ્રપ્રકાશદાસજી તથા કોઠારી દિનેશ ભગત પધારી કથા-આશીર્વાદનો લાભ આપ્યો હતો. અને સાં.યો. બહેનો પણ પધારી આશીર્વાદ આપ્યા હતા. તેમજ સર્વે સત્સંગી ભાઈઓ-બાઈઓનો સગયોગ મળ્યો હતો.

અહેવાલ :- તેજસ ગોર

---

## વાર્ષિક ઉત્સવ અને સરસ્વતી સન્માન - શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય, સંસ્કાર નગર, ભુજ

શ્રીસ્વામિનારાયણ વિદ્યા સંકુલ, સંસ્કાર નગર, ભુજનો વાર્ષિક ઉત્સવ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત, વિદ્યાસંકુલના સંચાલક સ્વામી હરિવલ્લભદાસજી, ભુજ નગર સેવા સદનના અધ્યક્ષશ્રી અશોકભાઈ હાથી, કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડો. મુકેશભાઈ પટેલ, પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકી, કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ હતો.

આ પ્રસંગે તાજેતરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજેતા થયેલા શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ અરવિંદભાઈ પિંડોરીયા, શૈલેન્દ્રસિંહ જાડેજા, ડો. રામ ગઢવી, અજયભાઈ ગઢવી, કૌશલભાઈ મહેતાને સન્માનિત કરાયા હતા.

પાર્ષદ કોઠારી જાદવજી ભગતે વિદ્યાર્થીઓને સમયના સદુપયોગ તથા મહેનત દ્વારા સફળતા પ્રાપ્ત કરવા પ્રેર્યા હતા. શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ જણાવ્યું હતું કે જે દિવસે સન્માન થાય તે દિવસ શ્રેષ્ઠ કહેવાય. તેમણે સફળતાના ડો. અબ્દુલ કલામ સાહેબના ત્રણ સૂત્રોને વિસ્તૃત કરી સમજાવ્યા હતા. સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા શિક્ષણની જ્યોત પ્રગટાવી અનેક બાળકોને શિક્ષિત કર્યાનું જણાવી ઉમેર્યું હતું કે ભાવનાની દોરીથી સૌએ જોડાયા રહેવું જોઈએ.

શિક્ષણાધિકારી શ્રી જો. મુકેશભાઈ પટેલે સંકલ્પ

કરી પરિશ્રમ દ્વારા સિધ્ધી હાંસીલ કરવાનું કહ્યું હતું. તેમણે સ્વામિનારાયણ મંદિર દ્વારા થતા સંસ્કાર ઘડતરની સરાહના કરી સફળતા રૂપી એવેરેસ્ટ શિખર સર કરવા જણાવ્યું હતું. કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં મેળવેલ સિધ્ધિઓને બિરદાવી હતી.

સ્વાગત પ્રવચન કરતા શાળાના આચાર્યશ્રી એમ. એ. સુથારે વર્ષ દરમ્યાન મેળવેલ વિદ્યાર્થીઓનો ચિતાર રજૂ કરી વિદ્યાર્થીઓને મેળવેલ સફળતા બિરદાવી હતી.

સાયન્સ વિભાગમાં સેમ-૧ અને સેમ-૩માં A1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને આ પ્રસંગે સન્માનવામાં આવ્યા શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા પ્રેરિત સમસ્ત ગુરુકુલોમાંથી પ્રથમ ૬ સ્થાન પામનાર વિદ્યાર્થીઓને દર વર્ષની માફક દાતાશ્રી નાનજી મેઘજી હિરાણી, નારણપર તરફથી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઉચ્ચ પ્રાથમિક ધોરણ-૬, માધ્યમિક ધોરણ-૯ અને ઉચ્ચ માધ્યમિકના ધોરણ-૧૨માં શ્રેષ્ઠ દેખાવ કરનાર સર્વે વિદ્યાર્થીઓને કેળવણી મંડળ તરફથી રોકડ પારિતોષિક તથા પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સહઅભ્યાસિક તથા રમતની પ્રવૃત્તિઓ શ્રેષ્ઠ દેખાવ કરનાર સર્વે વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં જિલ્લાની ત્રણ તરણ સ્પર્ધામાં પ્રથમ સ્થાન કરનાર શુક્લ ટ્રેવ, ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી પ્રસંગે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવનાર ગોસ્વામી રોહન તેમજ હિલ્ડ શીલ્ડ સ્પર્ધામાં બેસ્ટ બેટ્સમેન આહિર વિજય તથા બેસ્ટ બોલર કટ્ટા પ્રણવને ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી તો જિલ્લા બાળ પ્રતિભા શોધમાં લોકવાધ વિભાગમાં પ્રથમ સ્થાન મેળવનાર ધોરણ-૭ના સોમૈયા સજને પણ આ પ્રસંગે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકી, શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી પરમેશ્વરદાસજી, સ્વામી શૌનકમુનિદાસજી, વિદ્યાસંકુલના સહ સંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજીના હસ્તે વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા.

કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ, વિદ્યાર્થી ભવનના પ્રમુખ શ્રી ખીમજીભાઈ ભુડીયા મંત્રીશ્રી કરસનભાઈ હાલાઈ, મંદિરના ટ્રસ્ટીશ્રી મુળજીભાઈ શિયાણી, શ્રીઅરજણભાઈ દબાસીયા, ટ્રસ્ટી શ્રી કે.કે. હિરાણી, જગદીશભાઈ વાઘાણી, નારણભાઈ, દિનેશભાઈ પિંડોરીયા, લાલજીભાઈ વરસાણી, મુસ્લિમ એજ્યુકેશન હાઈસ્કુલના આચાર્યશ્રી ટાંક સાહેબ વગેરે દ્વારા વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા.

વાર્ષિક ઉત્સવ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત્યની અલગ અલગ કૃતિઓ નયનરમ્ય રીતે રજૂ કરવામાં આવી છે જેનું માર્ગદર્શન હિતેન ચાવડા ડાન્સ એકેડમી દ્વારા પુરું પાડવામાં આવેલ હતું. સંગીત શિક્ષક જયદિપ વાઘેલાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ પ્રાર્થના, સમૂહ ગીત ''સાધના કા પથ કઠિન હૈ'' તથા ખાસ તૈયાર કરેલ મ્યુઝિકલ આઈટમ એ પ્રેક્ષકોની વાહવાહી મેળવેલ હતી.

કાર્યક્રમનું સંચાલન હિતેશ વ્યાસ તથા આભારવિધિ વિજ્ઞાન વિભાગના આચાર્ય હિરેનભાઈ રાયઠઠ્ઠાએ કરી હતી. સમગ્ર આયોજન શ્રી ત્રિકમભાઈ છાંગા સાહેબના માર્ગદર્શન હેઠળ દિલીપભાઈ ભટ્ટ, સહદેવસિંહ જાડેજા, ચેતન લાખાણી, શાંતિલાલ પટેલ, દિનાબેન જોબનપુત્રા સહિત સમગ્ર સ્ટાફએ જહેમત ઉઠાવી હતી.

---

## શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ (ગુજરાત) દ્વારા બેંગ્લોરમાં ઊજવાયો ભવ્યાતિ ભવ્ય ધનુર્માસ

શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજના મહંત સ્વામી શ્રીધર્મનંદનદાસજીની આજ્ઞાથી શા. સ્વામી શુકમુનિદાસજી અને શા. સ્વામી અક્ષરમુનિદાસજી કર્ણાટક સંસ્કૃત યુનિવર્સીટી - બેંગ્લોરમાં સંસ્કૃત માધ્યમથી

પી.એચ.ડી.નો ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. સાથે સાથે સત્સંગની પ્રવૃત્તિઓ કરી સંપ્રદાયનો પ્રચાર અને પ્રસાર કરી સમાજોત્થાનનું અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે. સંતોના માર્ગદર્શન હેઠળ હરિભક્તો નાના-મોટા તમામ ઉત્સવો ઉમંગભેર ઉજવી રહ્યા છે.

દરરોજ ધૂન :- તા. ૧૭/૧૨/૨૦૧૫ થી તા. ૧૫/૦૧/૨૦૧૬ એક મહિનો દરરોજ સવારે ૭:૩૦ થી ૮:૦૦ અડધી કલાક ધૂન થતી, જેમાં ૧૫૦થી પણ વધારે હરિભક્તો ઉત્સાહભેર લાભ લેતા હતા. દરરોજ અલગ - અલગ હરિભક્ત તરફથી ધૂનને અંતે શ્રીઠાકોરજીને થાળ તથા ભક્તોને પ્રસાદ વિતરણ કરવામાં આવતો.

એક દિવસીય અખંડ ધૂન :- તા. :- ૨૫/૧૨/૨૦૧૫નાં રોજ એક દિવસીય એટલે કે ૧૨ કલાકની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ૫:૩૦થી ભગવાનના જયઘોષ સાથે 'સ્વામિનારાયણ મહામંત્ર'ની ધૂન ચાલુ થઈ તે અવિરતપણે વહેતી સાંજે ૫:૪૫સે પૂર્ણ થઈ. બપોર પછી ૨:૩૦ થી ૪:૦૦ દોઢ કલાક ઓરકેસ્ટ્રા સાથે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન પર મહારાસની રમઝટ જામી હતી.

સૌ ભક્તોએ પોતાની અનુકુળતા મૂજબ ધૂનનો લાભ લીધો હતો.

ધનુર્માસની ઉજવણી :- ધનુર્માસનો છેલ્લો દિવસ એટલે કે તા. ૧૫/૦૧/૨૦૧૬, પવિત્ર મકરસંક્રાંતિ - ઉત્તરાયણનો પુણ્યકાળ. આ દિવસે એક માસની ધૂનની ઉજવણી નિમિત્તે એક દિવસીય 'દિવ્ય ભવ્ય શાકોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રભાતફેરી :- આ દિવસે સવારે ૭:૩૦સે શ્રીઘનશ્યામ મહારાજની સરસ મજાની દક્ષિણ ભારતની પરંપરાગત પાલખીમાં પધરાવી બેંગ્લોરના હલસુર વિસ્તારમાં નિર્ધારેલ રૂટ પર સ્વામિનારાયણ મહામંત્રની ધૂન અને સંગીતના સથવારે પ્રભાતફેરી કાઢી હતી. આ પ્રભાતફેરીમાં ૨૦૦થી વધારે પુરુષ હરિભક્તો સફેદ વસ્ત્રો પહેરીને અને ૧૫૦થી વધારે બહેનો ભક્તો ભરત ભરેલ દેશી સાડલા પહેરીને જોડાયાં હતાં. એક જ પ્રકારનાં વસ્ત્રો ધારણ કરી, લાઈનમાં શિસ્તબદ્ધ ચાલતા ૩૫૦થી વધારે હરિભક્તોની ૪૦૦ ફૂટ લાંબી પ્રભાતફેરીનાં દર્શન કરવા આખુંય હલસુર ઉમટ્યું અને સૌના મુખમાંથી અહો.... અહો....ના શબ્દો સરી પડ્યા. ઠેર ઠેર જગ્યાએ દક્ષિણ ભારતના પ્રેમી ભક્તો પોતાના ઘર આગળ શ્રીઠાકોરજીની પાલખી આવતાં પુષ્પવૃષ્ટિ કરતા હતા. આ રીતે આખુંય હલસુર સ્વામિનારાયણ મહામંત્રના દિવ્ય નાદથી ગુંજી ઊઠ્યું.

મહારાસ :- બરાબર ૯:૩૦ વાગ્યે પ્રભાતફેરી ઉત્સવ સ્થળે પહોંચી ત્યારે બહેનો ભક્તોએ શ્રીઠાકોરજીનાં વધામણાં કર્યાં. પછી પુરુષ ભક્તોએ અને બહેનો ભક્તોએ પોત-પોતાના વિભાગમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન પર મહારાસની રમઝટ મચાવી. સૌ કોઈ દેહ-ગેહાદિકનું ભાન ભૂલી ભગવાનમાં મસ્ત બનીને નાચી ઊઠ્યા.

કથા - પ્રેઝન્ટેશન :- ત્યારબાદ સવારનો પ્રસાદ (નાસ્તો) લીધા પછી બરાબર ૧૧:૦૦ વાગ્યે વિશાળ સભા ભરાણી. તેમાં પ્રથમ શા. સ્વામી શુકમુનિદાસજીએ ભગવાન શ્રીસ્વામિનારાયણે લોયાના સુરાભક્તના દરબારમાં કરેલ શાકોત્સવની દિવ્ય લીલાની કથાનું શ્રવણ કરાવી તે લીલાની ઝાંખી કરાવી. ત્યારબાદ શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ 'આપણો સંપ્રદાય' - આ વિષય પર પ્રોઝેક્ટર પર ફોટા અને વિડીયોના માધ્યમથી પ્રેઝન્ટેશન રજૂ કરી ઉદ્ધવ સંપ્રદાયના સિદ્ધાંતો સમજાવતાં કહ્યું હતું કે આપણે મૂળ કચ્છ દેશના છીએ અને કચ્છના ભક્તોના કલ્યાણ માટે ભગવાન શ્રીસ્વામિનારાયણે ભુજમાં શ્રીનરનારાયણદેવ પધરાવી આપ્યા છે તેના નિષ્ઠાવાન થઈને રહેવું. આ રીતે સવારનું સત્ર ૧:૦૦ વાગ્યે પૂર્ણ થયું.

સાંસ્કૃતિક કાર્યક્રમ :- પછી મધ્યાહ્ન ભોજન પ્રસાદ લઈને બરાબર ૨:૩૦ વાગ્યે દ્વિતીય સત્રની શરુઆત થઈ. આ સત્ર સાંસ્કૃતિક કાર્યક્રમનું હતું. તેમાં પ્રથમ ભુજ મંદિર સંચાલિત શ્રીઘનશ્યામ બાળ મંડળના સાવ નાના નાના બાળકોએ 'આવો કરીએ સ્વાગત અમે પ્રેમથી ભર્યા' - આ સ્વાગત ગીત પર નૃત્ય કરી પધારેલા સૌ ભક્તોનું સ્વાગત કર્યું. પછી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ 'યમરાજનો દરબાર' રૂપક રજૂ કરી દારુ, તમાકુ, ગુટકા આદિ વ્યસન અને ચોરી, પાખંડ આદિ બીજાં પાપો કરવાથી

મળતા દુઃખને દ્રશ્યાત્મક રીતે સમજાવ્યું હતું. ત્યારબાદ વળી બાળકોએ 'અણીયાળી ને મરમાળી રે' - આ કીર્તન પર પંજાબી ભાંગળા શૈલીમાં નૃત્ય કર્યું ત્યારે આખીય સભા બલે બલે કરતી ઝુમી ઉઠી. પછી બાળકોએ 'મલ્લયુદ્ધ' રૂપક રજૂ કર્યું. અને છેલ્લે યુવાનો અને બાળકોએ મળીને 'બેંગ્લોરમાં ચાલતી બાળ સભા'નું રૂપક રજૂ કરી 'આવો મિત્રો આવો જઈએ બાળ મંડળમાં' - આ ગીત પર નૃત્ય કરી બાળકોને બાળ મંડળમાં મૂકવાની પ્રેરણા આપી હતી. આ રીતે નાના નાના બાળકો દ્વારા એક એકથી ચડિયાતા અને જીવનમાં ક્યારેય ન નિહાળ્યા હોય તેવા સાંસ્કૃતિક કાર્યક્રમો જોઈને સૌ ગદ્‌ગદિત થઈ ગયા હતા.

યુવક મંડળની સ્થાપના :- છેલ્લા પાંચ મહિનાથી નિયમિત રીતે દર રવિવારે સભા થતી હોવાથી ભુજ મંદિરના મહંત સ્વામી, કોઠારીજાદવજી ભગત અને યુવક મંડળના સંતોની આજ્ઞાનુસાર બેંગ્લોરના હલસુર વિસ્તારમાં 'કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ'ની સ્થાપના કરવામાં આવી.

તેજસ્વી તારલાઓનું સન્માન :- શ્રીઘનશ્યામ બાળ મંડળના બાળકોની છ માસિક લેખિત તથા મૌખિક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૧ થી ૫ ક્રમાંકે ઉતીર્ણ થયેલા તેજસ્વી તારલાઓનું સંતો તથા આગેવાનોના વરદહસ્તે વિશિષ્ટ ઈનામ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે જેટલા બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો, તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

બહેનોની સભા :- સાંજે ૪:૩૦સે ભાઈઓનો કાર્યક્રમ પૂર્ણ થયા પછી બહેનોનો સ્પેશ્યલ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં યુવતિઓએ 'આદર્શ નારી' - આ વિષય પર પ્રોઝેક્ટર દ્વારા ફોટા અને વિડીયોના માધ્યમથી પ્રેઝન્ટેશન રજૂ કરી સ્ત્રીધર્મ વિશે વિસ્તારથી માહિતી આપી સૌને ધર્મનું મહત્ત્વ સમજાવી, ધર્મ પાલન કરવાનું ફળ અને ન પાળવાના દોષ બતાવ્યા હતા. મહોત્સવના યજમાન પદે બેંગ્લોરના સમસ્ત હરિભક્તો રહ્યા હતા.

આ રીતે શાકોત્સવ અને આખોય ધનુર્માસ અતિ ધામધૂમથી અનેરા આનંદની સાથે હર્ષોલ્લાસપૂર્વક ઊજવાઈ ગયો.

અહેવાલ :- મુકેશભાઈ મનજી રાવત (અહેવાલ મંત્રીશ્રી)

---

## ધનુર્માસની ઉજવણી : ચંદ્રનગર-ખોખરા

શ્રીસ્વામિનારાયણ મંદિર ચંદ્રનગર ખોખરા મધ્યે પરંપરાગત ઉજવાતો ધનુર્માસ શ્રીહરિના નામ સ્મરણ સાથે ઉજવાયો. પરમકૃપાળુ પરમાત્મા, શ્રીહરિના સાંનિધ્યમાં સાં.યો. બહેનો, લતાબેન તથા શાંતાબેન ની ઉપસ્થિતિમાં વહેલી સવારના પ્રભાતફેરી, પ્રભાતિયાપદો, આરતી, ઠાકોરજીના થાળ સાથે સંગીતમય સાથે ધૂન દ્વારા શ્રીહરિને પ્રસન્ન કરવા અનેક ભક્તિગણ તથા બાલ-બાલિકાઓ એકત્ર થઈ ધનુર્માસની ઉજવણી કરવામાં આવી હતી. ભક્તો દ્વારા પ્રસાદની સેવા આપવામાં આવી હતી. ભક્તિમય વાતાવરણ સાથે અનેકગણી સંખ્યામાં ભક્તોએ પ્રસંગ માણ્યો હતો.

અહેવાલ :- કાનજીભાઈ સુથાર

---

## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ, માધાપર

ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પરમકૃપા તથા વડીલ સંતોના તથા માવિત્રોના આશીર્વાદથી ગામ માધાપર બંને મંદિરમાં અ.નિ. કરસનભાઈ રવજી ભુડીયા, અ.નિ. ધ.પ. કેસરબાઈની પુણ્યસ્મૃતિમાં તથા મોક્ષાર્થે એમના ભુડીયા પરિવાર તરફથી તા. ૩-૧-૨૦૧૬ને રવિવારથી તા. ૭-૧-૨૦૧૬ને ગુરુવાર સુધી શ્રીમદ્‌ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન ભુજ મંદિરના સંતોમાં સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સર્વે સંતોના વરદ્‌ હસ્તે તથા ગામ માધાપર મંદિરના કાર્યવાહી કમીટી તથા સર્વે સત્સંગી બાઈ-ભાઈના સથવારે સારી રીતે યજમાનશ્રીની ઈચ્છાનુસાર વિવિધ આયોજન સાથે સારી રીતે પૂર્ણ કરવામાં આવેલ.

આ પંચાહ્ન પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજીએ શ્રીકૃષ્ણ ભગવાનની દિવ્ય મંગલ લીલા ચરિત્રોને ખૂબ જ સારી રીતે વર્ણવી અમૃતપાન કરાવી યજમાન પરિવાર તથા સર્વે શ્રોતાજનોને ખૂબ જ રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે

મંડળના વડીલ સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી તથા શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી તથા સ્વામી માધવચરણદાસજી આદિના સહકારથી પાંચે દિવસના પ્રસંગોમાં હાજર રહી ભક્તોને રાજી કરેલ.

કથાના બીજા દિવસે શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજીએ નાના બાળરાસ ઉત્સવમાં કીર્તન, દોહા, છંદ સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. તેજ દિવસે રાત્રે યજમાન પરિવાર તરફથી બંને મંદિરમાં ખૂબ જ ઉત્સાહ પૂર્વક સંતોના સાંનિધ્યમાં રાસોત્સવનું આયોજન થયેલ હતું. કથાના ચોથા દિવસે રાત્રે વિશેષ સત્સંગ સભાનું આયોજન રાખેલ હતું. શાંત વાતાવરણમાં સર્વે ભક્તોને બળની વાતો કરી યુવા વર્ગને રાજી કરેલ. પાંચમાં દિવસે સમાપ્તિના ટાઈમે છાબનું સમૈયું આવ્યા બાદ કથા વિરામ કરી, સંતોના આશીર્વાદ, કથાના યજમાનને ભુજ-માધાપર મંદિર તરફથી પહેરામણી કરી ઉત્તરવિધિ, પોથીપૂજન, વક્તાપૂજન કરી સમાપ્તિની આરતી ઉતારી કીર્તન, ધૂન્ય, સંતોનું પૂજન સાથે કથાને પૂર્ણ કરવામાં આવેલ.

આ કથા પ્રસંગે તા. ૮-૧-૨૦૧૬ના રોજ યજમાન પરિવાર તરફથી સર્વે હરિભક્તોને બાઈ-ભાઈ તથા ભુડીયા કુટુંબને ભોજન પ્રસાદનું આયોજન રાખેલ હતું.

અહેવાલ :- મંત્રીશ્રી અરજણભાઈ ભુડીયા, માધાપર

---

## પંચાહ્ન પારાયણ, બળદીયા

શ્રીસ્વામિનારાયણ મંદિર બળદીયા નીચલા વાસ મધ્યે સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી તથા જયોતિષજ્ઞ સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની આશીર્વાદથી તા. ૨-૧-૨૦૧૬ થી તા. ૬-૧-૨૦૧૬ સુધી શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણનું ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું.

યજમાનપદે પ.ભ. રામજીભાઈ વાલજી જેસાણી ધ.પ. માનબાઈ તથા સુપુત્ર વીરજીભાઈ ધ.પ. રામબાઈ તથા સુપુત્ર કલ્યાણભાઈ ધ.પ. કાન્તાબેન તથા સુપુત્રી કાન્તાબેન જમાઈ હીરજીભાઈ સુપુત્રી પ્રેમીલાબેન જમાઈ સુરેશભાઈ રહ્યા હતા.

કથાના વક્તા પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા પુ. સ્વામી બ્રહ્મમુનિદાસજી તથા સ્વામી ભક્તિજીવનદાસજીએ સુંદર શૈલીમાં સંગીતના સથવારે કથાનું રસપાન કરાવ્યું હતું. સંગીતકાર સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ સુંદર સંગીતનો સુર આપ્યો હતો.

આ કથા પ્રસંગે ભુજ, અંજાર, માંડવી તથા ગુરુકુલોથી સંતો પધારીને યજમાન પરિવારને ખૂબ જ આશીર્વાદ આપીને રાજી કર્યા હતા.

જેમાં ભુજથી મંડળના મંડળધારી જ્યોતિષજ્ઞ સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત પધારીને યજમાનશ્રી રામજીબાપાની ભુજ મંદિરને વિષે નિષ્ઠા અને સેવા, ગાયો પણ જેમને વ્હાલી છે. અને ગાયોની સેવા સાથે ભુજ મંદિર તથા ગામના મંદિર તથા ગરીબોને પણ નાની-મોટી સેવાને બિરદાવી હતી અને ખૂબ જ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

સાથે રામજીબાપાએ ભુજ શ્રીનરનારાયણદેવ તથા અંજાર, માંડવી મંદિર સાથે ભુજ અંડર ચાલતી શૈક્ષણિક સંસ્થા (ગુરુકુલોમાં) સેવા તથા સંતો, સાંખ્યયોગી બહેનોની પણ સારી સેવા કરી હતી.

આવો જ પ્રેમ અને ભુજ મંદિરને વિષે નિષ્ઠા સાથે સેવા કરવાની શ્રધ્ધા, પુત્ર પરિવારમાં રહે એવી વડીલ સંતોએ ભલામણ કરી હતી.

આ કથા સ્થળ શ્રીસ્વામિનારાયણ શાંતિ બાગમાં વિશાળ સભામંડપમાં કરવામાં આવ્યું હતું. તેથી જ બહોળી સંખ્યામાં દરરોજ સંતો-ભક્તોએ ખૂબ જ ખંતથી લાભ લીધો હતો.

આ પ્રસંગે ૨૪ ગામની મંડળી સાથે ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા પણ નિકળી હતી.

આ પ્રસંગે વિવિધ રાત્રી કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા હતા. જેવા કે યજમાનશ્રીને ઘેર બન્ને વાસના ઠાકોરજીની પધરામણી તથા ભવ્ય ઓરકેષ્ટ્રા સાથે રાસોત્સવ તથા બળદીયા ઝોન, બળદીયા ની.વા., બળદીયા ઉ.વા., કેરા, કુંદનપર, સુરજપર કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળની વિશાળ સભામાં સત્સંગ સાથે પ્રશ્નોત્તરી, ૧

મિનિટ ગેમ રાખવામાં આવી હતી. અને યુવાનો હરહંમેશ નવી પ્રગતિ કરે એવા સ.ગુ.પુ. સ્વામી માધવપ્રસાદદાસજીએ ખૂબ જ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

કથાના ચોથા દિવસે ગામ માંડવીના શ્રી ઘનશ્યામ બાલ મંડળના તથા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ કથા પ્રસંગ નિમિત્તો યજમાનશ્રી રામજીબાપાએ બળદીયા ગામમાં જ કરસન ગોપાલ જેસાણી હોસ્પિટલમાં કાયમ ફ્રી ઓફ ડાયાબિટીશ ચેકપ થતું રહે એવા હેતુથી સારું દાન કર્યું હતું.

આ ઉત્સવમાં સભાસંચાલક પુરાણી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી રહ્યા હતા.

ત્યારપછી કથાના પૂર્ણાહુતિના દિવસે સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજીએ યજમાન પરિવાર તથા મંદિરની કમીટીના સભ્યો તથા સમસ્ત હરિભક્તોને ખૂબ જ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલ :- કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, બળદીયા ની.વા.

---

## ધનુર્માસ ઉજવણી શ્રીસ્વામિનારાયણ મંદિર, ભીમાસર

ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ મંદિર, ભીમાસર(સહારા) મધ્યે તા. ૧૭-૧૨-૨૦૧૫ થી તા. ૧૫-૧-૨૦૧૬ સુધી ધનુર્માસની ઉજવણી મંદિરના કોઠારી ગોવિંદ કરસન ગોગરાની અધ્યક્ષતામાં ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવેલ. દરરોજ સવારે ધૂન તેમજ પ્રસાદ રાખવામાં આવેલ. પૂજારી મયારામ સાધુ, ખીમજી નારણ, જીવા આણંદા આદિ હરિભક્તો તથા રમીલાબેન, અરૂણાબેન, સંતીબેન આદિએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- ગોવિંદ કરસન ગોગરા

---

## ત્રિ-દિનાત્મક ભવ્ય દ્વિતીય પાટોત્સવ, ઈન્દોર

ભુજધામ સંચાલિત શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન ઈન્દોર ખાતે મંદિરમાં બિરાજતા શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીનરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિ દેવોનો દ્વિતીય ત્રિ-દિનાત્મક પાટોત્સવ તા. ૧,૨,૩-૧-૨૦૧૬ના ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

જેમાં ખાસ લાભ આપવા માટે ભુજધામથી સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી, સ્વામી રામપ્રિયદાસજી તથા સ્વામી મુકુંદમુનિદાસજી આદિ સંત મંડળ પધારી ઉત્સવને દીપાવ્યો હતો.

ત્રિ-દિનાત્મક ઉત્સવ દરમ્યાન 'વિદુરનીતિ'ની પારાયણ યોજવામાં આવી હતી. જેમાં વ્યાસાસને બિરાજી શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી તથા શા. સ્વામી શુકમુનિદાસજીએ પોતાની સુમધુર વાણીથી કથામૃતનું પાન કરાવ્યું હતું.કથાના અંતિમ દિવસે શાકોત્સવનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

ઉત્સવ દરમ્યાન કથાના મુખ્ય યજમાનપદે પ.ભ. ગોપાલભાઈ રતનશીભાઈ ભાવાણી તથા મહાપ્રસાદના યજમાનપદે પ.ભ. કરસનભાઈ અખઈભાઈ ગોગારી પરિવારે લાભ લીધો હતો.

ઉત્સવ દરમ્યાન લંડન સત્સંગ પ્રચાર અર્થે ગયેલ સંતો. સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સત્સંગ ભવન સંચાલક સંતો પુ. સ્વામી પરમહંસદાસજી તથા શા. સ્વામી અક્ષરપ્રિયાદાસજીએ ફોન દ્વારા પોતાના અંતરની ઊર્મિરૂપી આશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ :- મંત્રીશ્રી, વીરજીભાઈ શામજીભાઈ ભાવાણી


## યુ.કે. સત્સંગ શિબિર-૨૦૧૬

અગામી ઈસ્ટર હોલીડેમાં ભુજ મંદિર દ્વારા યુ.કે. તા. ૨૫ થી ૨૮-માર્ચ-૨૦૧૬ સુધી યુવા હરિભક્તોન માટે અદ્ભૂત દિવ્ય શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવશે. આજના સમયને પારખી ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી ૪ દિવસની સત્સંગ શિબિરનું આયોજન થઇ રહ્યું છે. યુવક મંડળના સંતો દ્વારા આ શિબિરનું સંચાલન થશે.

– યુવક મંડળ કાર્યલય

પધારો ભુજ... || શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ || પધારો ભુજ...

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત



શ્રીનરનારાયણદેવ - ભુજ



# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવ









પ.પૂ. સદ્. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી

**ગૌમાતાના લાભાર્થે**

**નારાયણ યજ્ઞ : ચૈત્ર સુદ ૮ તા. ૧૪-૪-૧૬ ગુરુવાર**

**તારીખ : ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ એપ્રિલ-૨૦૧૬**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે -આગામી તા. ૭-૪-૧૬ થી તા. ૧૩-૪-૧૬ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૧,૦૦૦/- : પોથી યજમાનનું નામ પત્રિકામાં છાપવામાં આવશે ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે**

**વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.**

**સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે, સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

વિશેષ નોંધ :- જે કોઈ હરિભક્તને કેવળ ગાયોના ઘાસચારા પેટે સેવા કરવી હોય તે ભુજ મંદિરમાં કોઠારી સ્વામીને સંપર્ક કરી નોંધાવી શકે છે.

- કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી - મો. ૯૮૨૫૩૪૧૦૪૧

**કથા સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧/૨૫૦૩૩૧.**














 શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોમાં સત્સંગ સ્થાપના સુવર્ણ જયંતી મહોત્સવની આછેરી ઝલક

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોનો સુવર્ણજયંતી મહોત્સવ ધામધૂમથી ભુજ મંદિરના ૪૨ સંતોના સાંનિધ્યમાં ઉજવાઈ ગયો

આજથી પાંચ દાયકા પહેલાં આપણા કચ્છના ભક્તો રોજગાર અર્થે યુ.કે.માં આવ્યા. સંસ્કાર અને સત્સંગના બળે ભુજ મંદિરના સંતો સાથે જોડાયેલા રહી તેમના આશીર્વાદ સાથે રાખી કામકાજ અને ભજન-ભક્તિ કરતા રહ્યા. તે સમયે આજે છે તેવી સુવિધાઓ પ્રાપ્ત ન હતી. સંતો પણ ભુજથી યુ.કે. જઈ ન શકતા. પરંતુ હરિભક્તોના ભક્તિભાવથી પ્રેરાઈ તેમની ચિંતા જરૂર સેવતા. તેથી સત્સંગીઓની સંભાળ પત્રો દ્વારા લેતા. એ પરંપરાને અનુસરી અ.નિ. મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી હરિભક્તોને વિદેશમાં પોતાનો ધર્મ જાળવવા ભેગા થઈ સત્સંગ કરવાનો આગ્રહ અને ભલામણો પત્રો દ્વારા કરતા. હરિભક્તો સંતોની ભલામણોને નિષ્ઠાપૂર્વક સ્વીકારી સત્સંગ કરતા અને તેના પ્રભાવે ભક્ત સમુદાય વધવા લાગ્યો. સંતોએ પ્રસન્નતા વ્યક્ત કરતાં પત્ર લખીને જણાવ્યું કે સત્સંગના સંવર્ધન અને ભક્તિની દ્રઢતા માટે યુ.કે.માં મંદિરનાં નિર્માણ માટે શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના નામે સંસ્થા રજીસ્ટર કરાવજો. સ્વામીની આજ્ઞાને ધ્યાનમાં લઈ હરિભક્તોએ ૧૯૬૬માં સંસ્થા રજીસ્ટર કરાવી. સૌ સાથે મળી ઉત્સવો ઉજવતા અને મંદિરની અનિવાર્યતા જણાતા ૧૯૭૬માં હેરોમાં વોગન રોડ ઉપર ચર્ચ લેવાયું ત્યાં સત્સંગ કરતા. ભક્ત સમુદાય અને ભક્તિ વધતા ગયા, જગ્યાની સંકડામણના કારણે ૧૯૯૧માં ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી તથા સ.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતોના આશીર્વાદથી હેરોમાં વેસ્ટ ફિલ્ડ રોડ ઉપર જગ્યા મળી અને ભક્તોનો તન-મન-ધનથી સહયોગ સાંપડતાં શિખરબધ્ધ મંદિરનું નવનિર્માણ થયું. તા. ૨૬-૧૨-૧૯૯૬ થી ૧-૧-૧૯૯૭ દરમ્યાન શ્રીઘનશ્યામ મહારાજ તથા અન્ય ભગવત સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠાનો મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. અત્યારે આ મંદિરમાં ધાર્મિકની સાથે શૈક્ષણિક અને અનેક સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. દેવ-દર્શન, ભજન-કીર્તનની સાથે આવી પ્રવૃત્તિઓનો મોટી સંખ્યામાં હરિભક્તો લાભ લે છે. તેમજ ઉત્સવો ઉમંગભેર ઉજવાય છે.

સંસ્થાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હરિભક્તોએ સુવર્ણજયંતી ઉજવવાનો સંકલ્પ કર્યો, શ્રીજી મહારાજની કૃપાથી સંકલ્પ સાકાર થયો અને ભુજ મંદિરના મહંત સ્વામીના આશીર્વાદથી તા. ૨૫-૧૨-૨૦૧૫ થી પ્રારંભ થયો. સાંજે શ્રીનીલકંઠ હોલમાંથી વાજતે-ગાજતે બેંડ તથા લેઝીમના તાલ સાથે પોથી સભામંડપમાં લાવીને પોથીપૂજન કર્યું. પૂજન બાદ મહંત સ્વામીના આશીર્વાદ મળ્યા.

તા. ૨૬ના મુખ્ય યજમાનોએ ગણેશ સ્થાપન કર્યા બાદ મહોત્સવનું દીપ પ્રાગટ્ય પ.પૂ. મહંત સ્વામી, વડીલ સંતો અને મુખ્ય યજમાનોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. પૂજ્ય વક્તાશ્રીઓ પૂ. સ્વામી પરમહંસદાસજી તથા પુ. સ્વામી ભક્તવત્સલદાસજીએ સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદ સ્વામી વિરચિત પુરુષોત્તમ પ્રકાશની સપ્તાહ પારાયણની કથાનો લાભ પોતાની મધુર શૈલીમાં આપ્યો હતો.

આ પાવન પ્રસંગે ભુજ મંદિરેથી ૪૨ સંતો પધાર્યા હતા. યુ.કે.માં આટલી મોટી સંખ્યામાં સંતોના આગમનનો આ પહેલો પ્રસંગ હતો. ત્રણ સંતો સંહિતાપાઠમાં બેસી જનમંગલ, સર્વમંગલ અને હરિકવચના પાઠ કર્યા.

દરરોજ રાત્રે યુવકો દ્વારા એક એકથી ચડિયાતા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. જેમાં ભારતીય પરંપરાગત સંસ્કૃતિના દર્શન થતા યુવાનો ભારતીય સંસ્કારોનું જતન

# શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપર નીચલોવાસમાં નૂતન મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો












કરે છે તે જોઈને સૌએ ખુશી અનુભવી. યુ.કે. ના ભુજ મંદિર હેઠળના આઠેય મંદિરના યુવાનોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કેન્ટનના યુવાનો દ્વારા પ્રસ્તુત મર્યાદા પુરુષોત્તમ મ્યુઝીકલ પ્રોગ્રામ અને બહેનોએ ''બાંસુરી અજબ બજાઈ'' અદ્‌ભુત આબેહૂબ રજૂ કર્યો હતો. આ સિવાય નીલકંઠ હોલમાં યુવતીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

ત્રીજી દિવસે અમદાવાદથી પ.પૂ. મોટા મહારાજશ્રી તથા મોટા ગાદીવાળાનું આગમન થયું. આ ઉત્સવ પૂર્વે નવ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. દસમો કાર્યક્રમ તા. ૨૯ના બપોરે ૧,૫૦,૦૦૦ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાનો અદ્‌ભુત કાર્યક્રમ યોજાયો. જેની શરૂઆત સંતોએ કરાવી અને મોટી સંખ્યામાં હરિભક્તો તેમાં જોડાયા. પુ. સ્વામી હરિબળદાસજી તેમજ શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી આ બે સંતો પ્રારંભથી અંત સુધી સાથે રહ્યા. કેટલાક ભક્તો પણ સતત સાથે રહ્યા.

બપોર પછી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું આગમન થયું. પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથનું અંગ્રેજીમાં કેન્ટન હેરો મંદિર દ્વારા પ્રકાશન થયું. તેનું વિમોચન યજમાન પ.ભ.શ્રી ખીમજીભાઈ કલ્યાણ વેકરીયા, સુપુત્રો, શાંતિભાઈ અને રાજેશભાઈ સહપરિવાર, રામરપરની સાથે પૂ. મહારાજશ્રી, પૂ. મોટા મહારાજશ્રી, પૂ. મહંત સ્વામીના વરદ્ હસ્તે થયું.

તા. ૨૯ના જ બપોરે સંતો દ્વારા શ્રીઘનશ્યામ મહારાજનું અષ્ટ રાજોપચારથી પૂજન કરવામાં આવ્યું અને પચાસ હજાર પુષ્પોથી શ્રીઘનશ્યામ મહારાજનો અભિષેક કરાયો.

તા. ૩૦મીના ઉત્સવના ઉપક્રમે ઓડિયો સી.ડી. 'મંગલ મૂર્તિ'નું વિમોચન યજમાનશ્રી હીરજીભાઈ વાલજી હિરાણી સહપરિવાર, રામપર સાથે પૂ. આચાર્ય મહારાજશ્રી, પૂ. મોટા મહારાજશ્રી તેમજ પૂ. મહંત સ્વામીના વરદ્‌હસ્તે કરાયું.

તા. ૩૧મીના રોજ કિંગ્સબરી પાર્કથી નીકળેલી ભવ્યાતિભવ્ય શોભાયાત્રામાં લગભગ દસ હજાર લોકો જોડાયા હતા. આટલી વિશાળ સંખ્યામાં સંતો-હરિભક્તોએ શ્રીહરિનાં કીર્તનો અને જયઘોષથી એક અલૌકિક ભક્તિમય વાતાવરણ નિર્મિત કર્યું હતું. સ્થાનિક લોકો તો આવી શોભાયાત્રા જોઈ દંગ જ રહી ગયા. તેમજ ચમત્કાર તો એ થયો કે વરસાદ વરસવાનો હતો ને વાતાવરણ સૂર્ય પ્રકાશિત રહ્યું.

તા. ૧-૧-૧૬ના શ્રીઘનશ્યામ મહારાજનો ૧૯મો પાટોત્સવ હોવાથી વહેલી સવારે મુખ્ય યજમાનો દ્વારા પૂજન વિધિ તથા પૂ. મહારાજશ્રી, પૂ. મોટા મહારાજશ્રી દ્વારા પંચામૃત, વિવિધ ઔષધિઓ તેમજ વિવિધ ફળોના રસથી મહાઅભિષેક કરવામાં આવ્યો હતો. સંપૂર્ણ પૂજનવિધિ મંદિરના પૂજારી શાસ્ત્રી દિનેશ મહારાજે કરાવ્યો હતો. ત્યારબાદ ઊંચો આંક આપીને પાંચે મંદિર ઉપર પાંચ યજમાનોએ ધ્વજા ફરકાવી હતી. તેમજ અન્નકૂટની આરતી કરવામાં આવી હતી.

મહોત્સવમાં મોટી સેવા આપનાર યજમાનોને પૂ. મહારાજશ્રી, પૂ. મહંત સ્વામી દ્વારા પહેરામણી કરી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે રાજકીય મહેમાનો, સાંસદ, મેયર, કૌન્સીલરો, પોલીસ અધિક્ષકો, સમાજ શ્રેષ્ઠીઓ આદિ પધારેલા મહેમાનોનું યથા યોગ્ય સન્માન કરાયું હતું. તેમજ નાની મોટી સેવા કરનારા ભક્તો, મંદિરની સ્થાપનાથી અત્યાર સુધીના તમામ ટ્રસ્ટીઓ તથા કાર્યકર્તાઓને પણ હૃદયપૂર્વક સન્માનવામાં આવ્યા હતા. ભુજ મંદિરેથી પધારેલ વડીલ તથા યુવા સંતોએ પોતાના મંતવ્યો સાથે રૂડા આશીર્વાદ પાઠવી હરિભક્તોને રાજી કર્યા. છેલ્લે પૂ. મહંત સ્વામી, પૂ. મોટા મહારાજશ્રી તથા પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઉત્સવના આયોજકો, ઉત્સવના સાફલ્યહિતાય કાર્ય કરનાર સૌ નાની મોટી સેવા કરનારા સૌ ભક્તોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યુ.કે.ના મંદિરોના પ્રતિનિધિઓને સ્મૃતિ ચિહ્નો અર્પણ કરી નવાજવામાં આવેલ. મહોત્સવ પૂર્વે આપણા મંદિરો દ્વારા જે ચેરીટી દ્વારા ફંડ જમા થયેલ તે યુ.કે.ની ત્રણ સંસ્થાઓને આપવામાં આવેલ.

કેન્ટન હેરો મંદિરના સુવર્ણજયંતી મહોત્સવ પ્રસંગે ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર મધ્યે પણ તા. તા. ૨૬-૧૨-૨૦૧૫ થી તા. ૧-૧-૨૦૧૬ સુધી ૭ દિવસની કથા પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ. સાતે દિવસ ઠાકોરજીના થાળ, સંતોની રસોઈ, સાં.યો. બાઈઓની રસોઈ, અંજાર, માંડવી, પ્રસાદી મંદિરની રસોઈ આદિની સેવા કરવામાં આવી. કથાના અંતિમ

# શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર વુલવીચ નૂતન મંદિરમાં
# પૂ. મહંત સ્વામીના સાનિધ્યમાં સર્વ પ્રથમ સત્સંગ સભા






## માધાપરનાં સાં.યો. કુંવરબાઈ હિરાલાલ વાઘજીયાણી દ્વારા શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા
## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું અદ્ભુત દિવ્ય આયોજન સંપન્ન થયું-ભુજ








## શ્રી વૃન્દાવન વિહારી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન,
## મંદિરને ફુલ શણગાર તથા દિવ્ય શાકોત્સવનું આયોજન - માંડવી





દિવસે ગામે-ગામથી બહોળી સંખ્યામાં સત્સંગી હરિભક્તોએ ઉપસ્થિત રહીને કથારૂપી અમૃતનું પાન તથા પ્રસાદરૂપી ભોજનનો લાભ લીધો હતો. એમ કોઠારી પાર્ષદ જાદવજી ભગતે જણાવ્યું હતું.

સુવર્ણજયંતી મહોત્સવના દાતા રહેલ હરિભક્તો નીચે જણાવ્યા મુજબ હતા.

મુખ્ય યજમાન : પ.ભ. કાનજીભાઈ ભીમજી રાઘવાણી હસ્તે નારણભાઈ કાનજી ભીમજી રાઘવાણી, લેક્ષકોન, જશુબેન નારણ રાઘવાણી, ભરતભાઈ નારણ પિંડોરીયા (પિંડોરીયા સોલિસીટર) ધ.પ. દિપાબેન ભરત પિંડોરીયા, પ.ભ. પરબતભાઈ કુરજી હાલારીઆ, અમરબાઈ પરબત હાલારીઆ હસ્તે ધનજીભાઈ પરબત પટેલ, રમાબેન ધનજી હાલારીઆ, વીરજીભાઈ પરબત પટેલ, પુષ્પાબેન વીરજી હાલારીઆ, પ.ભ. દેવરાજભાઈ કુરજી હાલારીઆ, ગં.સ્વ. ધનબાઈ દેવરાજ હાલારીઆ હસ્તે પ્રકાશભાઈ હાલારીઆ, ટિનાબેન પ્રકાશ હાલારીઆ, દેવજીભાઈ કરસન માયાણી ધ.પ સામુબેન દેવજી માયાણી, ગં.સ્વ. વાલબાઈ શીવજી અને ગં.સ્વ. રામબાઈ નારણ રાબડીયા હસ્તે સુરેશભાઈ શીવજી રાબડીયા, વસંતીબેન સુરેશ રાબડીયા, કુરજીભાઈ શીવજી રાબડીયા, પુષ્પાબેન કુરજી રાબડીયા, ચંદુલાલ નારણ રાબડીયા, મનસુખભાઈ કરસન માયાણી ધ.પ. મંજુલાબેન કરસન માયાણી, કલ્યાણભાઈ લક્ષ્મણભાઈ રાઘવાણી ધ.પ. કાન્તાબેન કલ્યાણ રાઘવાણી, કાનજીભાઈ શીવજી કેરાઈ અને ભાનબાઈ કાનજી કેરાઈ સહપરિવાર, દિનેશભાઈ કાનજી કેરાઈ, હસ્મિતાબેન દિનેશ કેરાઈ, મનસુખભાઈ કેરાઈ - એન.એન. દેવ કન્સુલેટેન્સી, રવજીભાઈ પ્રેમજી રાઘવાણી ધ.પ. રમીલાબેન રવજી રાઘવાણી.

ધ્વજારોહણ શ્રીઘનશ્યામ મહારાજ બી.એસ. કે. કન્સ્ટ્રક્શન લી. શીવજીભાઈ જાદવા કેરાઈ પુત્ર ભરત સહપરિવાર - રામપર, ભાઈઓ વિભાગે સિંહાસનના અ.નિ.ધનજીભાઈ રાબડીયા પુત્ર કાનજીભાઈ રાબડીયા અને ધીરજભાઈ રાબડીયા સહપરિવાર - વાડાસર, બહેનોના વિભાગે સિંહાસનના ક્લીન્સ્ટોન લી. કલ્યાણભાઈ કુરજી ટાપરીયા - કેરા, ગણેશજીના શિખર ઉપર તેજબાઈ ખીમજી છભાડીયા સહપરિવાર - માંડવી, હનુમાનજીના શિખર ઉપર નારણ વેલજી ભુડીયા, નારણપર અને મહેશ ભંડેરી - દહીંસરા.

૩ દિવસનો વિષ્ણુયાગ કરવામાં આવ્યો હતો. ૭ દિવસના ઉત્સવમાં આવેલા ભક્તોને બન્ને ટાઈમ મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો. આ ઉત્સવને સફળ બનાવવા ૮૦૦ સ્વયંસેવકો પોતાનું તન, મન અને ધનથી યોગદાન આપ્યું હતું.

મહોત્સવની સફળતામાં સભા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો. સુંદર, સચોટ,
સમયાનુસાર સંદર્ભો, ધર્મની મહિમાનું ગાન અને વિદ્વતાસભર વાણીમાં કરાયેલ ઉદ્‌ઘોષણાઓ દ્વારા સ્વામીએ સભા સંચાલન કરી પોતાની શ્રેષ્ઠતા અને યોગ્યતાની પ્રતીતિ કરાવી હતી. મંદિરના મંત્રી પ.ભ. શ્રીકાનજીભાઈ કેરાઈ તથા સહમંત્રી પ.ભ. શ્રી નિતેશભાઈ હિરાણીએ પરિશ્રમપૂર્વક પુરુષાર્થ કરેલ. છેલ્લે મંદિરના માનનીય પ્રમુખ પ.ભ. શ્રી વિશ્રામભાઈ માયાણીએ આભારવિધિ ઉદ્‌બોધનમાં સ્વાગત અને આભાર બંને લાગણી પ્રદર્શિત કરી હતી.

ઉત્સવપૂર્વેના આયોજનો આ મુજબ હતા. મંત્રલેખન, રથયાત્રા, મહામંત્રધૂન, પર્વતારોહણ ૩ સ્પર્ધાઓ, ચેરીટી વોક, નિરાધાર લોકોને પ્રસાદ વિતરણ તેમજ પુરુષોત્તમ પ્રકાશના પાઠ જેવા દિવ્ય કાર્યક્રમો વર્ષ દરમ્યાન ઉત્સાહભેર કરવામાં આવ્યા હતા.

અહેવાલ :- મંત્રીશ્રી, કાનજીભાઈ કેરાઈ
સહમંત્રી, નિતેશભાઈ હીરાણી

---

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - વુલ્વીચ

તા. ૩-૧-૨૦૧૬ રવિવારના શુભ મંગલ દિવસે આપણા નૂતન મંદિરના ચાલુ કાર્યને નિહાળવા આપણા ભુજ મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સાથે ૪૨ સંતોનું સંત મંડળનું આગમન થયું. પ્રથમ શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કથામૃતનું પાન કરાવેલ. સાથે નૂતન મંદિરમાં સંગઠિત થઈ કાર્ય કરવા ભલામણો કરેલ. ત્યારબાદ સભાનું સંચાલન
















(૧) ગં.સ્વ. તેજબાઈ વિશ્રામ ગોરસીયાએ પોતાના દાગીનાં શ્રી નરનારાયણદેવને અર્પણ કરતા સુપુત્ર જાદવજીભાઈ ગોરસીયા-ભુજ. (૨) શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાના બાળકોને મકરસંક્રાતિના પુણ્યકાળમાં ભુજ મંદિર દ્વારા વસ્ત્રાદિનું વિતરણ કરવામાં આવ્યું હતું-સુખપર. (૩) શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં દિવ્ય શાકોત્સવમાં ઉપસ્થિત સંતો-અંજાર. (૪) ધનુર્માસની ધૂનમાં ભક્તો સાથે પૂ. મહંત સ્વામી-વિલે પાર્લા મુંબઈ. (૫) શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવનનાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શાકોત્સવ-ઈન્દોર. (૬) ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતા ભક્તો-સેલારી. (૭) કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળ તથા સ્થાનિક કચ્છ વાગડના નાનામોટા હરિભક્તો દ્વારા સંતોના સાનિધ્યમાં ધૂન, પ્રભાતફેરી તથા દિવ્ય શાકોત્સવનું આયોજન-બેંગ્લોર. (૮) શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોના સુવર્ણ જયંતી મહોત્સવમાં પ.પૂ. મહંત સ્વામી પધાર્યા ત્યારે હિથરો એરપોર્ટ ઉપર આવેલા હરિભક્તો-લંડન. (૯-૧૨) પ.ભ. રામજીભાઈ લાલજી જેસાણી પરિવાર દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર બળદિયા ની.વા. શાંતિ બાગમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવમાં જેસાણી પરિવાર - બળદિયા. (૧૩-૧૪) કચ્છની સરદીય વિસ્તારની મુલાકત લેવા પધારેલા પૂ. મોટા મહારાજશ્રી સંતો સાથે સૈનિકો.

સ્વામી દેવચરણદાસજીએ સંભાળેલ. તેમાં પ્રથમ સંતોનું મંદિર વતી સન્માન કરવામાં આવેલ મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીનું સન્માન મંદિરના પ્રમુખ લાલજી શામજી હાલાઈએ કરેલ. ત્યારબાદ ક્રમાનુસાર બીજા સંતોનું સન્માન મંદિરની કમિટિના સભ્યો તથા ટ્રસ્ટી સભ્યોએ કરેલ. ત્યારબાદ યુ.કે.નાં આપણા મંદિરોથી પધારેલા પ્રતિનિધિઓનું સન્માન પુ. મહંત સ્વામીએ મંદિર વતીથી કરેલ.

ત્યારબાદ અત્યાર સુધી આપણા નૂતન મંદિરનો બાંધકામનો અહેવાલ મંદિરનું કાર્ય સંભાળતા પ.ભ. શીવજી શામજી હાલાઈએ આપ્યો અને સાથે અંદાજ ખર્ચનો પણ અહેવાલ સંક્ષેપમાં આપ્યો.

ત્યારબાદ એમ.પી. બ્રધર્સના ડાયરેક્ટર પ.ભ. સુરેશભાઈ રાબડીયાએ આપણા નૂતન મંદિરનો ચાલુ કાર્યનો અહેવાલ આપ્યો અને સ્થાનિક ભક્તજનોએ હિંમત આપી અને આપણે જાતે મંદિરમાં સેવા આપીએ તેમાં ઘણો ફાયદો મંદિરને થાય છે તેવું સંક્ષેપમાં જણાવેલ.

ત્યારબાદ પુ. સ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ અહીંના તમામ ભક્તો એક થઈ સાથે મળી સંગઠિત થઈ પ્રેમભાવથી આ નૂતન મંદિરમાં સેવા કરવા ભલમણો કરેલ.

ત્યારબાદ પુ. સ્વામી શ્રીહરિદાસજીએ આ આપણું સુંદર અને રમણીય મંદિર બનશે. ભગવાન તમોને હિંમત અને બળ આપે તેવા ભગવાનના ચરણોમાં પ્રાર્થના.

ત્યારબાદ શા. સ્વામી દેવચરણદાસજીએ સભાનું કાર્ય સંભાળેલ અને તેમાં આપણી નૂતન મંદિરના શિખર પર કળશના ચડાવાનું કાર્ય સંભાળેલ. તેમાં પ્રથમ શ્રી ઘનશ્યામ મહારાજના શિખરપર કળશના યજમાનશ્રી ગામ માંડવીના પ.ભ. મુળજીબાપા રાબડીયાના સુપુત્રો થતા અ.નિ. પ્રેમજીબાપાના સુપુત્રો તથા અ.નિ. રવજીભાઈના સુપુત્રો આ આ રાબડીયા પરિવાર તરફથી વધુ આંક આપી અને આ લાભ લીધો હતો.

ત્યારબાદ બહેનોના વિભાગમાં શિખરપર કળશના યજમાન અમદાવાદના શ્રીમતિ શકુબેન જગદીશ વાઘેલા પરિવાર તથા ગામ માંડવીના પ.ભ. સુનિલ શીવજી આસાણી પરિવાર તથા વલસાડના ગં.સ્વ. લીલાબેન અંબાલા પટેલ સહપરિવાર તરફથી ઊંચો આક આપી અને આ ત્રણે પરિવાર કળશનો લાભ લીધો હતો.

ત્યારબાદ ભાઈઓના વિભાગમાં શિખર પર કળશ ચઢાવવાના યજમાન વેકરાના પ.ભ. શ્રી કરસન નારણ શીયાણી ધ.પ. રતનબેન કરસન શીયાણી હ. તેમના સુપુત્રો સહપરિવાર ઊંચો આંક આપી યજમાનપદે રહ્યા હતા.

ત્યારબાદ તમામ ચઢાવાના યજમાન પરિવારોનું પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના હસ્તે આપણા મંદિર વતી સન્માન કરવામાં આવેલ તેમજ સ્વામીએ તેમને રૂડા આશીર્વાદ પાઠવ્યા.

ત્યારબાદ સ્થાનિક સેવાભાવી ભક્તજનો તેમજ આપણા મંદિરોથી પધારેલા પ્રતિનિધિઓ તેમજ તમામ પધારેલા હરિભક્તજનોને મહંત સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા અને આપણા નૂતન મંદિરમાં સેવા કરતા તમામ ભક્તજનો ભાઈઓ-બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા અને તમામ નાના-મોટા હરિભક્તજનોને આ નૂતન મંદિરમાં સેવા કરવા ભલામણો કરેલ અને દરેક હરિભક્તોએ તન,મન અને ધનથી સેવા કરવા પુ. મહંત સ્વામીએ આશીર્વાદ આપેલા અને આ એક સુંદર અને રમણીય મંદિર બનશે તેમાં સર્વે નાના મોટા હરિભક્તો શાંતિથી ભજન, ભક્તિ તથા કથાવાર્તા કરશો અને સંગઠિત થઈ આ મંદિરમાં સેવા કરશો અને શ્રીનરનારાયણદેવ આપને ખૂબ બળ આપે અને શક્તિ આપે તેવા આશીર્વાદ આપ્યા હતા.

ત્યારબાદ આ નૂતન મંદિરમાં પ.ભ. લક્ષ્મણભાઈ રાઘવાણી તેમજ પ.ભ. રવિભાઈ રાઘવાણી સહપરિવારનું ખૂબ જ મોટી સેવા બદલ પુ. મહંત સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા.

અંતમાં મંદિરના પ્રમુખશ્રી લાલજીભાઈ સામજી હાલાઈએ પુ. મહંત સ્વામી તેમજ સાથે પધારેલા તમામ ૪૨ સંતોનો ખૂબ ખૂબ આભાર માન્યો તેમજ સ્થાનિક હરિભક્તો તથા યુ.કે.ના અન્ય આપણા મંદિરોના પ્રતિનિધિઓ તેમજ હરિભક્તોનો આભાર વ્યક્ત કર્યો.

અહીં પધારેલા તમામ સંતોએ આ નૂતન મંદિરનું

ચીવટ પૂર્વક નિરીક્ષણ કરલે અને કાર્ય જોઈને ખૂબ જ રાજી થયેલા.

કાર્યક્રમ સમાપન બાદ પ.ભ. પરબતભાઈ શીવજી કેરાઈના નિવાસ સ્થાને શ્રીઠાકોરજીના થાળ કર્યા હતા.

ત્યારબાદ સ્થાનિક હરિભક્તો તેમજ બહારથી પધારેલા તેમામ ભક્તજનો મહાપ્રસાદરૂપી ભોજનનો લાભ લીધો હતો.

અંતમાં શાંતિમય વાતાવરણમાં તેમજ વરસાદી વાતાવરણમાં આ શુભ મંગલ કાર્યનું સમાપન કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી,ધનજી પ્રેમજી કેરાઈ
પ્રમુખશ્રી, લખમણ પ્રેમજી કેરાઈ

---

## શ્રીસ્વામિનારાયણ મંદિર, નારણપર નીચલાવાસના નૂતન મંદિરના ઉપલક્ષ્યમાં શ્રીસ્વામિનારાયણ મંદિર વિલ્સડન યુ.કે.માં ભવ્ય કથા પારાયણ મહોત્સવ ઉજવાયો

કચ્છમાં આવેલ નારણપર ની.વા.માં ભગવાન શ્રીસ્વામિનારાયણનું નૂતન મંદિરનું નિર્માણ થયું અને તેમાં ભગવાનની પધરામણી થઈ ત્યારે મહામહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવના ઉપલક્ષમાં યુ.કે.માં વસતા નારણપર ગામના બન્ને વાસના સર્વે હરિભક્તો મળીને શ્રીસ્વામિનારાયણ મંદિર વિલ્સડનમાં ભવ્ય કથા પારાયણનું આયોજન કર્યું હતું.

આ ઉત્સવમાં વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત સ્નેહગીતા અને ધીરજ આખ્યાન ગ્રંથનું વાંચન કરવામાં આવ્યું હતું. વક્તાસ્થાને ભુજ મંદિરના શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી, શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજી, પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી તેમજ અમદાવાદ મંદિરના શાસ્ત્રી સ્વામી રામસ્વરૂપદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

આ કથા પ્રસંગે અમદાવાદ શ્રીનરનારાયણદેવ પિઠાધિપતિ પ.પૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી ચાર દિવસ સુધી ઉપસ્થિત રહીને પોતાના દિવ્ય દર્શન અને આશીર્વાદ આપીને સૌ ભક્તોને લાભ આપ્યો હતો. તેમજ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરથી ૧૮ સંતો હાજર રહીને દર્શન અને કથાનો લાભ આપ્યો હતો. ભુજથી સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી મહાપુરુષદાસજી, શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી આદિ અનેક વિદ્વાન સંતો કથા પારાયણ મહોત્સવમાં પધારીને સત્સંગનો લાભ આપ્યો હતો અને મહોત્સવની શોભામાં ખૂબ અભિવૃધ્ધિ કરી હતી.

ગામ નારણપર ની.વાસના ભાઈઓના નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિર તથા બહેનોના મંદિરમાં રીનોવેશન તેમજ પટેલ સમાજવાડીમાં સમાજ હોલનું નૂતન નિર્માણ થયું તેના ભવ્ય ઉદ્‌ઘાટન અને મહોત્સવના ઉપલક્ષ્યમાં જે વિલ્સડન શ્રીસ્વામિનારાયણ મંદિરમાં કથા પારાયણ મહોત્સવ યોજવામાં આવ્યો તે અંતર્ગત આ પ્રસંગે અનેક વિધ સત્સંગ તેમજ સામાજિક પ્રવૃત્તિ આ મંદિર દ્વારા કરવામાં આવી જેવી કે ભુજ, માંડવી, અંજાર તથા અમદાવાદ શ્રીનરનારાયણદેવના થાળ, ભુજ દ્વારા ચાલતા ગુરુકુળોમાં વિદ્યાર્થીઓને રસોઈ આપવામાં આવી હતી. આ પ્રસંગ રાત્રીના સમયે સાંસ્કૃતિક કીર્તન-ભજન તથા રાસ ઉત્સવ પણ રાખવામાં આવ્યો હતો. કથાના સાતમા દિવસે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપીને સૌને આનંદિત કર્યા હતા અને સંતો તથા આચાર્ય મહારાજશ્રીના હસ્તે કથાના યજમાનશ્રીઓને આશીર્વાદરૂપ પહેરામણી કરી હતી. આ સમગ્ર કથા પારાયણનું સભાસંચાલન પુરાણી સ્વામી મહાપુરુષદાસજી તથા પ.ભ. કુરજીભાઈ અરજણ કેરાઈએ સંભાળ્યું હતું.

અહેવાલ :- કુંવરજીભાઈ કેરાઈ

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૮૦/- | સાં.યો. નંદુબેન દેવજી ભાવાણી | ઘડાની | ઓપરેશન સારી રીતે સફળ થતાં તે નિમિત્તે |
| ૧૧૧/- | દેવજી પ્રેમજી કેરાઈ | અંજાર | નવી ફોર વ્હીલર (વેગનાર) લીધી તે નિમિત્તે |
| ૨૫૧/- | શીલાબેન રમેશભાઈ હીરાણી હ. પ્રવિણ કુંવરજી રાબડીયા | સરલી | લગ્ન નિમિત્તે ભેટ |
| ૩૦૦/- | અ.નિ. કરસન રવજી ભુડીયા ધ.પ. અ.નિ. કેસરબાઈ કરસન હ. ભુડીયા પરિવાર | માધાપર | પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | શિવમ્ તુષારભાઈ વ્યાસ | મેઘપર હાલે ટાન્ઝનીયા | શાળા પ્રવેશની ખુશાલી નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | સૌમ્ય દિનેશભાઈ ભુવા | કેરા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૦/- | હંસા નિતેશ વરસાણી હ. હરજીભાઈ | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | દક્ષેશ મહેશભાઈ જેઠી | ભુજ | તા. ૧૧-૧-૧૬ના રોજ પુત્ર જન્મ નિમિત્તે ભેટ |
| ૧૫૦૦/- | રામજીભાઈ વાલજી જેસાણી વેકરીયા ધ.પ. માનબાઈ રામજી પરિવાર | બળદીયા ની.વા. | સત્સંગિજીવન કથા પારાયણ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | રીટાબેન કલ્પેશભાઈ ભટ્ટ હ. જનકભાઈ એમ. ભટ્ટ | ભુજ | નવી ફોર વ્હીલર ગાડી લીધી તે નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | અશ્વિનભાઈ ખીમજી ગોપાલ હીરાણી | મેઘપર | નવા મકાનના વાસ્તુ નિમિત્તે ભેટ |
| ૧૫૦/- | નિશાબેન ધનસુખ પિંડોરીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦૦/- | શ્રીસ્વામિનારાયણ મંદિર | માંડવી | ધનુર્માસ નિમિત્તે ભેટ |
| ૧૨૫/- | સુરેશ વાલજી હીરાણી | મિરજાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | મુળજી લાલજી હીરાણી સહપરિવાર | કોડકી | ગામમાં પંચાહ્ન પારાયણ તેમજ યાત્રા કરી તે નિમિત્તે ભેટ |
| ૧૧૦/- | શિવજીભાઈ ધનજી માસ્તર | માધાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૦/- | ભાનુબેન શિવજી પિંડોરીયા | માધાપર | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/- | સામબાઈ વિશ્રામ ગામી હ. શીવજીભાઈ માસ્તર | માધાપર હાલે કાર્ડિફ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૨૫/- | અ.નિ. વીરબાઈ રવજી દબાસીયા હ. શિવજીભાઈ | માધાપર | તેમની પુણ્યસ્મૃતિ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | રમેશ વાલજી ખેતાણી હ. વાલજી રત્ના ખેતાણી | ફોટડી | સી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં ભેટ |
| ૧૦૧/- | શિલ્પા પ્રેમજીભાઈ હાલાઈ | મેઘપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |

# શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોમાં સત્સંગ સ્થાપના સુવર્ણ જયંતી મહોત્સવની આછેરી ઝલક











# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયના વાર્ષિકોત્સવ તથા સરસ્વતિ સન્માન–ભુજ







RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2016/UPTO 31-12-2016



શાકોત્સવ તથા યજમાનશ્રીને આશીર્વાદ સાથે
પહેરામણી કરતા પૂ. મહંત સ્વામી-મિરઝાપર



દિવ્ય શાકોત્સવમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી
તથા યજમાનો સાથે સંતો - ભુજ



ધનુર્માસની એક મહિનાની ધૂનને અંતે પધારેલા પૂ. મોટા મહારાજશ્રી
તથા ધૂનનો લાભ લેતા ભક્તો - ભુજ